Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૪ મું. આત્મ સં. ૫૧ સંવત ૨૦૦૨.

અંક ૧ લો. શ્રાવણ : ઑગષ્ટ

તા. ૧૦-૮-૧૯૪૬.

વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા.


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી પાર્શ્વનાથ સ્તુતિ... ... ... | લે. મુ. શ્રી પુર્ણાનંદવિજયજી | ૧ |
| ૨ | ગુરૂસ્મરણ ... ... ... ... | લે. ડૉક્ટર ભગવાનદાસ મ. | ૧ |
| ૩ | નૂતન વર્ષનું મંગળમય વિધાન... ... | લે. શ્રી ફતેહચંદભાઇ | ૨ |
| ૪ | વિચારશ્રેણી... ... ... ... | લે. આ. શ્રી કસ્તૂરસૂરિજી | ૮ |
| ૫ | ધર્મ... કૌશલ્ય ... ... ... | લે. મૌક્તિક | ૧૧ |
| ૬ | સેવાનું સ્વરૂપ અને મહત્વ ... ... | લે. અભ્યાસી | ૧૫ |
| ૭ | સાક્ષેપ-નિરપેક્ષ દૃષ્ટિ ... ... ... | લે. સં. પા૦ મુનિ પુણ્યવિજયજી | ૧૭ |
| ૮ | યુગપ્રધાન વિજયાનંદસૂરીશ્વરજી... ... | લે. મુનિ લક્ષ્મીસાગરજી | ૧૮ |
| ૯ | સ્વીકાર સમાલોચના ... ... ... | સભા | ૨૦ |


## નવા થયેલાં માનવંત સભાસદો—

| | | | |
|---|---|---|---|
| ૧. | રા. રા. શ્રી ચંદ્રકાન્તભાઇ ઉજમશીભાઇ | પેટ્રન | મુંબઇ |
| ૨. | માસ્તર મોતીચંદભાઈ ઝવેરચંદ મહેતા | લાઇફ મેમ્બર | ભાવનગર |
| ૩. | જીવરાજભાઇ ઓધવજી દોશી, ભાવનગર રાજ્યના માજી હાઇ કૉર્ટ ચીફ જજ | ,, | ,, |
| ૪. | વકીલ જગજીવનદાસ શિવલાલ પરીખ, બી. એસ સી. એલએલ. બી. | ,, | ,, |
| ૫. | રતીલાલ હરગોવનદાસ ડગલી, એમ. એ. એલએલ. બી. | ,, | વઢવાણ શહેર |
| ૬. | શેઠ નગીનદાસ કુંવરજીભાઇ | ,, | ભાવનગર |
| ૭. | શાહ શાંતિલાલ હીરાલાલ | વાર્ષિક મેમ્બર | ,, |

## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને નમ્ર સૂચના—

ગયા અને આગલા બે માસના "આત્માનંદ પ્રકાશ"માં કરેલી નમ્ર સૂચના પ્રમાણે આપ સુજ્ઞ ગ્રાહકો બે વર્ષના લવાજમના રૂા. ૩-૧૪-૦ નું ભેટની બુક સાથે વી. પી. રવાના થઇ ગયેલ છે. જેથી સ્વીકારી આભારી કરશો. પાછું વાળી જ્ઞાન ખાતાને નુકસાન કરી જ્ઞાન ખાતાના દેવાદાર નહિં રહેવા નમ્ર સૂચના છે.

**વાંચો-વિચારો— આત્મકલ્યાણ સાધો— જ્ઞાન-ભક્તિ કરો—**

## સ્થિતિસંપન્ન જૈન બન્ધુઓને એક નમ્ર સૂચના—

રૂા. એકસો એક આપી આ સભાનું માનવંતા લાઇફ મેમ્બરનું સ્થાન મેળવી, નવા નવા સુંદર પૂર્વાચાર્યોકૃત તીર્થંકર ભગવાનો, અન્ય ઉપકારી મહાન્ પુરૂષો અને આદર્શ સતી ચરિત્રો વાંચી પોતાનું અને બીજાઓને વંચાવી સ્વપર કલ્યાણ સાધો.

અત્યાર સુધીમાં તે રીતે થયેલા પેટ્રનશ્રી અને લાઇફ મેમ્બર જૈન બંધુઓએ લગભગ ૮૦ એંશી વિવિધ કથા ચરિત્ર વગેરેના ગ્રંથો **શ્રી મહાવીરસ્વામી, શ્રી સુપાર્શ્વનાથ, શ્રી ચંદ્રપ્રભુ, શ્રી નેમનાથ, શ્રી વિમળનાથ** ભગવંતોના બીજા મહાન પુરૂષોના અને સતી ચરિત્રો વગેરેના મળી મોટા ગ્રંથો ગમે તેટલી કિંમતનાં ( મફત ) ભેટ મેળવી જ્ઞાન, ભક્તિ કરી, આત્મ કલ્યાણ અને તેટલું સાધી સભા માટે આનંદ વ્યક્ત કર્યો છે અને તે જાણી નવા નવા તેથી અન્ય જૈન બંધુઓ લાઇફ મેમ્બર પણ થતાં જાય છે.

ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

467

### આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—

## જૈન નરરત્ન શેઠ શ્રી ચંદ્રકાન્તભાઈ ઊજમશીભાઈ—
## મુંબઈ.

જૈન ... પુસ્તકાલય વિભાગ ... નંબર ... વીરમગામ

ગરવી ગુજરાતના પ્રાચીન નગર ખંભાત ભૂતકાળમાં અનેકરીતે સુપ્રસિદ્ધ હતું. ત્યાં તે વખતે શ્રીમંતો, કુશળ વ્યાપારીઓ, વિદ્વાન મહાન આચાર્યો, ગુજરાતના નૃપતિઓના જૈન દંડનાયકો અને ધર્મીપુરુષો અનેક સત્વશાળી થઇ ગયા છે. પૂર્વે તે મશહુર બંદર હોઈ પરદેશ ખાતે અનેક જાતના વ્યાપારોની આવજા થતી હતી. **શ્રી સ્થંભન પાર્શ્વનાથ** ભગવાનનું મંદિર અને પ્રાચીન જૈન જ્ઞાનભંડાર વગેરેનો પૂર્વકાળનો ઈતિહાસ તેની સાક્ષી પૂરે છે. એક વખત અને આજે પણ શ્રાવકકુળભૂષણ, જૈન નરરત્નો, નિષ્ણાત વ્યાપારીઓ, શ્રીમંતો ધર્મ શ્રદ્ધાળુ પુરુષો વિદ્યમાન છે. તેવા એક દેવ, ગુરૂ, ધર્મના ઉપાસક **શેઠશ્રી અમરચંદ પ્રેમચંદ**ના કુટુંબના રા. રા. **શ્રી ચંદ્રકાન્તભાઇ** નબીરા છે.

રા. શ્રી **ચંદ્રકાન્ત**ભાઈ વંશપરંપરાથી ઉતરી આવેલ એક સારા પ્રખ્યાત વેપારી અને કમીશન એજંટ છે. શ્રીમંતાઇ, ખાનદાની વગેરે જેમ વારસામાં મળ્યાં છે, તેમ દેવ, ગુરૂ, ધર્મની ઉપાસના પણ વારસામાં મળી છે. ખંભાતનું આ કુટુંબ પરમ શ્રદ્ધાળુ તરીકે ભારતમાં સુપ્રસિદ્ધ છે. તેઓશ્રીને વડિલ બંધુઓ શ્રીયુત **તારાચંદભાઇ** તથા શ્રીયુત **શાંતિલાલભાઈ** છે કે, જેમણે ઉપધાન વહન વગેરે તપશ્ચર્યા કરી હતી અને વર્તમાનમાં આત્મકલ્યાણ સાધે છે. મળેલી સુકૃતલક્ષ્મીનો ધાર્મિક કાર્યોમાં ત્રણે બંધુઓ ઉદારતાપૂર્વક વ્યય કરે છે. આવા ઉદાર, ધર્મનિષ્ટ, પુરુષનું જીવન હંમેશા અનુકરણીય હોય છે, તે માટે તેમનો ફોટો મુકી ધાર્મિક જીવન વૃત્તાંત પ્રગટ કરવા અમોએ વિનંતિ કરી છતાં તેમને તે પસંદ નથી. તેઓ આજે ભર યુવાન વયે હોવા છતાં સદાચારી, સુશીલ અને એટલા બધા સાદા, નિરાભિમાની અને લોકરંજન માટે વાહવાહ કહેવરાવા નારાજ હોવાથી માત્ર તેમની મળી તેટલી ઓળખ-પરિચય આપવામાં આવ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

| વીર સં. ૨૪૭૨. | શ્રાવણ. | પુસ્તક ૪૪ મું. |
|---|---|---|
| વિક્રમ સં. ૨૦૦૨. | :: ઇ. સ. ૧૯૪૬ ઑગસ્ટ :: | અંક ૧ લો. |

## श्रीपार्श्व-स्तुतिः ।

રચયિતા-મુનિ પૂર્ણાનન્દવિજય-( કુમારશ્રમણ ), શિવપુરી.

वामादेवीप्रसूतं,
विनयनतसुरैः,
पूजितं सेवितश्च ।
सर्वालङ्कारदृश्यं,
हतमदमदनं,
पार्श्वनाथं न भक्त्या ॥
ये धृष्टा बुद्धिहीनाः,
मदमदनजिताः,
हृद्वने स्थापयन्ति ।
धिक् तान् धिक् तान् धिगेतान्,
कथयति नियतं,
कीर्त्तनस्थो मृदङ्गः ॥ १ ॥

## ગુરુ સ્મરણ

અનુષ્ટુપ્

મનોનંદન છે આત્મા આત્મા, વંદન ધામ છે;
આત્મા જ શુદ્ધ આદેય, હેય અન્ય તમામ છે.
સુસ્થિત અમૃત સ્થાને, આત્મારામ અનંત છે;
અક્ષર દેહ અદ્યાપિ, **આત્મારામજી** જીવંત છે.

ડૉ. ભ. મ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नूतन वर्षनुं मंगलमय विधान.

જે પવિત્ર માસમાં " **खामेमि सव्वजीवे** " રૂપ સૂત્રના બીજ તરીકે પર્યુષણ પર્વના પૂર્વાર્ધનો સમાવેશ થાય છે, શ્રવણ (આત્માને હિતકારી વચનો સાંભળવારૂપ) નક્ષત્રના સુંદર ઉપનામથી જે માસનું નામ અંકિત થયેલું છે અને અન્યદર્શનીઓએ પણ જેને પવિત્ર માસ તરીકે ગણ્યો છે તે શ્રાવણ માસના સુરમ્ય મંગલમય પ્રભાતે **શ્રી આત્માનંદ પ્રકાશ** ૪૪ મા વર્ષમાં પ્રવેશ કરે છે. કાળ અનંત હોવા છતાં તેનું સંક્ષિપ્ત માપ વ્યવહારમાં ઉપયોગમાં લેવાને જેમ પૂર્વકાળના મનુષ્યોએ ઘટિકા અને અદ્યતન વિજ્ઞાને ઘડીઆળ (Time-piece) બનાવી છે, પરમાત્માના વિરાટ સ્વરૂપને સમજવા માટે જેમ મૂર્તિની રચના છે, અનંત જ્ઞાનનાં વિશાળ સ્વરૂપની ઝાંખી કરવા માટે ભગવતીસૂત્ર કે તત્ત્વાર્થસૂત્ર જેવા સ્થૂલ ગ્રંથોનો ઉદ્‌ભવ છે તેમ અનંત આધ્યાત્મિક આનંદની વાનકીનું સ્વરૂપ સમજવા માટે પ્રસ્તુત સ્થૂલ પત્ર **આત્માનંદ પ્રકાશનો** આવિર્ભાવ છે. ગત વર્ષના સરવૈયાં તરફ દૃષ્ટિપાત કરતાં આત્મજાગૃતિમાં સાવધાન રહેનાર પ્રસ્તુત પત્ર પ્રત્યેક વર્ષની શરૂઆતમાં પ્રણાલિકા પ્રમાણે તુરત જ સ્વગત પ્રશ્ન કરે છે કે જે મંગલમય કાર્ય માટે મારું અસ્તિત્વ નિર્માણ થયું છે, તે માટે મારાથી યથાશક્તિ પ્રગતિ ગતવર્ષમાં થઇ છે? આટલા વર્ષોની સમાજસેવા કરતાં કરતાં મારા લેખોના અક્ષરદેહે ભિન્ન-ભિન્ન ભૂમિકાવાળા આત્માઓમાં સંસ્કારબીજો રોપ્યાં છે? તે તે સંસ્કારબીજોથી ભરેલાં અનેક આત્માઓની આંતર જાગૃતિ પ્રોજ્જ્વલ થઇ છે? વચની પ્રૌઢતા સાથે જૈનસૃષ્ટિમાં સ્થિતિસ્થાપક સ્થાન જાળવી રાખ્યું છે? વિતંડાવાદમય દલીલો અને વ્યર્થ શક્તિના વ્યયવાળા ખંડનમંડનમાં નહિ પડતાં રચનાત્મક કાર્યક્રમ (Constructive work) જાળવી રાખ્યો છે? જૈન દર્શનના સિદ્ધાંતો ઉપર નિર્ભર રહી વિશિષ્ટ લેખસામગ્રી અર્પેલી છે? સંસારચક્રમાં જન્મ અને મૃત્યુ અનિવાર્ય અને સહજ છતાં આત્માના અનાદિ અનંતપણા તરફનું ધ્રુવપદ લક્ષ્યમાં રાખી માનવ વાચકોની આત્મ ભૂમિકાને તૈયાર કરી જન્મ-મૃત્યુની સાંકળને તોડી સ્વાવલંબનપૂર્વક પુરુષાર્થપરાયણ કરવા પ્રેરણા આપી છે?

આંતર વિચાર કરતાં યોગદ્વારા ફલિત થાય છે કે, અવશ્ય સુંદર પરિણામ આવ્યું છે. જો કે, ગીતાના વાક્ય પ્રમાણે " **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन** " અર્થાત્ " શુભ કર્મમાં જ તારો અધિકાર છે, ફળની ઇચ્છામાં નહિ "—એ સૂત્રને દૃષ્ટિ સમક્ષ રાખેલું છે; છતાં પ્રત્યેક પરિણામ જૈન દર્શનના સિદ્ધાંત અનુસાર કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ અને કર્મરૂપ પાંચ કારણને અવલંબીને રહેલું છે–એ નિયમને પ્રસ્તુત પત્ર પણ આધીન છે. જગત્‌માં પ્રત્યેક સ્થૂળ વસ્તુઓ આત્માને જગાડે છે. જો આત્મા ગુણગ્રાહી હોય તો એ દૃષ્ટિએ પ્રભુમૂર્તિ અને શાસ્ત્રો પુષ્ટાવલંબન હોવાથી આત્મ જાગૃતિ અર્પે તેમાં આશ્ચર્ય નથી. લેખો એ શાસ્ત્રનાં નિર્ઝરણાં હોવાથી આત્માને અંતરાવલોકન માટે સહાયભૂત થાય એ સ્વતઃ સિદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; પરંતુ આ પરિસ્થિતિ વાચકોની આત્મભૂમિકાની તૈયારી ઉપર અવલંબે છે; શ્રેયઃ અને પ્રેયઃ એ ઉભય વસ્તુઓમાં કલ્યાણકારી પ્રવૃત્તિ કરવી એ મારું લક્ષ્યબિંદુ (Point of View) અવિચ્છિન્નપણે ચાલતું આવ્યું છે; પરંતુ પ્રેયઃ વસ્તુ જગતમાં ભિન્ન ભિન્ન રુચિ પ્રમાણે વ્યક્તિ પરત્વેની જુદી જુદી હોય છે; આત્મકલ્યાણકારી માર્ગમાં મારું પ્રેયઃ વસ્તુ જૈન દર્શનના પ્રેરક અને મસ્તકરૂપ *શ્રી જિનેશ્વર* પ્રભુની શ્રીમદ્ દેવચંદ્રજીએ સ્તવેલી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવરૂપ રાજનીતિને અનુસરવાનું છે. વિચારો માનસિક ભૂમિકાનું ઉત્પાદન છે; માનસિક ભૂમિકા આત્માના ક્ષયોપશમ ઉપર નિર્ભર છે; વિચારો મૂર્તિમન્ત સ્વરૂપે લેખન પદ્ધતિમાં મૂકવા એ મતિ, શ્રુતજ્ઞાનનો વિષય છે; ઉપરોક્ત પ્રશ્નપરંપરાવડે આંતરનિરીક્ષણ કરી જે યથાશક્તિ ગત વર્ષમાં સ્વીકૃત કાર્યની સફળતા મેળવી છે તેથી સંતોષનું આશ્વાસન લઈ, જૈન શૈલીથી સમજફેર કાંઇ લેખનપદ્ધતિ થઇ હોય તે માટે પ્રસ્તુત માસમાં પર્યુષણ પર્વના શુભાગમન પહેલાંજ 'મિથ્યા દુષ્કૃત' દઇ આ પત્ર ૪૪મા વર્ષનો શુભારંભ કરે છે.

**સંજ્ઞા-પ્રેરણાબળ—**

ચુમ્માળીશની સંજ્ઞા એ જૈન દૃષ્ટિએ પુણ્યતત્ત્વના બેંતાળીશ પ્રકારોને નિશ્ચય અને વ્યવહાર બન્ને દૃષ્ટિબિંદુથી તપાસવારૂપ છે; શુભ અનુષ્ઠાનોથી પુણ્યાનુબંધિ પુણ્ય ઉપાર્જન કરવા ઉમદા (Sublime) પુરુષાર્થ કરવો અને એ પુણ્ય અનુકૂળતાઓ અર્પી પરિણામે નિશ્ચય દૃષ્ટિબિંદુથી આત્માને પુણ્ય અને પાપ બન્નેની નિર્જરા કરાવી સંપૂર્ણ કર્મોથી મુક્તિ સાધ્ય કરવામાં સહાયકારી થાય છે. એ મનુષ્ય જન્મનું ધ્રુવબિંદુ (Standpoint) રાખવાની પ્રેરણા છે; ૪ + ૪ = ૮ એ મુક્તિ માટેના અષ્ટાંગ યોગ માર્ગની સૂચના છે; ૪ − ૪ = ૦ "**પૂર્ણાત્પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે**" અર્થાત્ "પૂર્ણમાંથી પૂર્ણની બાદબાકી થાય તો પૂર્ણ બાકી રહે છે." એ ઉપનિષદની વિચારણા—**सच्चिदानंदपूर्णेन पूर्णं जगदवेक्षते** એ જ્ઞાનસારના આદ્ય શ્લોકને અનુસરે છે અથવા સમ્યકત્વ કે સદ્જ્ઞાન વગરની જૈન દર્શનની શુભ ક્રિયાઓ જો કે 'શૂન્યો' તુલ્ય હોય છે પરંતુ જ્યારે સમ્યગ્દર્શન રૂપ 'એકડો' શૂન્યોની આગળ આવી પડે છે ત્યારે અસંખ્યગણી કિંમત વધી જાય છે તે સૂચવે છે; ૪×૪=૧૬ ભાવનાઓની સ્મૃતિ આપે છે; ૪÷૪=૧ શાશ્વત આત્મા સિવાય તમામ વસ્તુઓની "**नेति नेति**" જેમ વેદાંત કહે છે તેમ જૈન દર્શન પણ આત્મા સિવાય અન્ય પૌદ્ગલિક પદાર્થોની અનિત્યતા સૂચવે છે. આ રીતે પ્રેરણાબળ (inspiration power) પામીને વિચારવાનું છે કે કાળ અનાદિ અનંત છે; મનુષ્ય જીવન પામી એવંભૂત નયથી દર્શન જ્ઞાન ચારિત્ર ગુણનો વિકાસ થતો જાય અને આત્માનો સંપૂર્ણ આનંદ પ્રકટ થાય એ પ્રસ્તુત જીવનનું લક્ષ્યબિંદુ છે; તે માટે તમામ ઉચિત શુભ સાધનોની આત્માને આવશ્યકતા છે; રત્નત્રયીના સંપૂર્ણ પ્રકટીકરણ (manifestation) માટે જ્ઞાન અને ક્રિયા ઉભય નયોની આવશ્યકતા છે; જે જે નયોદ્વારા આત્મવિકાસ વધતો જાય તે તે નયોનું અનુક્રમે અવલંબન લઈ સાધ્ય સિદ્ધ કરતાં જવાનું હોય છે; જૈન દર્શનનો આ અનેકાંતવાદ છે; અનાદિકાળનું આ છૂપું ધન પ્રકટ કરવા માટે પરમાત્માની મૂર્તિ દ્વારા તથા સદ્ગુરુ અને શાસ્ત્રના વચનામૃતમાંથી જીવન્ત પ્રેરણાઓ (intutions) પ્રાપ્ત કરવાની છે અને એ રીતે જૈન દર્શનના અનેકાંતવાદને અનુસરતાં કર્મ ઉપર વિજય મેળવવાનું સામર્થ્ય વધારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપ ચતુષ્કમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ ચતુષ્કનો ન્યાસ કરવાની કળા ક્રિયાત્મક થતાં અંતરાત્મ અવસ્થામાંથી પરમાત્મ અવસ્થા પ્રકટ કરવા ૪૪ ની સંજ્ઞા પ્રેરણા આપી રહી છે; શ્રી તીર્થંકરની વાણીનો પણ આ માટે જ પ્રયાસ છે.

સર્વજ્ઞકથિત જૈન દર્શનના તત્ત્વો પ્રમાણે વિજ્ઞાન( science )ની મુખ્યતા માનેલી છે; આત્મા અને પરમાણુવાદ ( materialism ) ઉપર જૈન દર્શનની કોટિ નિર્ભર છે; શબ્દોનો પરમાણુવાદ રેડીઓ વગેરેથી સિદ્ધ થયેલો છે; મનના વિચારો અને કર્મના અણુઓ તેથી પણ સૂક્ષ્મ છે; પુદ્ગલોની અનંત શક્તિઓ-માંથી થતો વ્યાપાર તે વિજ્ઞાન છે; જ્ઞાનની જેમ વિજ્ઞાનનો પણ સદુપયોગ દુરુપયોગ થાય છે; કેમકે તે પણ એક શક્તિ જ છે. લડાઇના છેલ્લા તબક્કા તરીકે અણુબોંબનો ઉપયોગ મનુષ્યોના અને વસ્તુઓના સંહાર માટે થયો હતો.

વિશ્વયુદ્ધની છ વર્ષે સમાપ્તિ થયા છતાં હજી સુધી પ્રાણીઓના પોષણ વગેરે જરૂરી-યાતની ચીજોમાં મોંઘવારીવધતી જાય છે. મનુ-ષ્યોની મૂંઝવણો વધતી જાય છે; તેમાં અમ-દાવાદ જેવા કેટલાક શહેરોમાં કોમી રમ-ખાણોને લઈ જાન-માલ બચાવવાની પણ સલામતી જોખમાઈ છે.

વિજાપુરમાં કોમી રમખાણોથી અનેક મનુષ્યોના જાનમાલની ખુવારી થઇ છે. ત્યાં આપણી જૈન સમાજની પેઢીને લાખોનું નુકશાન થયું છે, પરંતુ વધારે ત્રાસદાયક બીના તો બોરૂ( ગુજરાત )માં જૈન સાધ્વીજી માતા ઉપર ગુજરેલા અત્યાચારે તો હદ કરી છે. હવે જૈનોએ પણ આત્મ અને ધર્મનું સંરક્ષણ કરવા શરીરબળ કેળવવાની જરૂર છે.

**જૈન સૃષ્ટિનાં સત્રો અને સંસ્મરણો—**

ગત વર્ષમાં આપણા જૈન દાનવીર શેઠ ભોળાનાથ જેસીંગભાઇએ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને જૈન સંસ્કૃતિ-અધ્યયન-સંશોધન માટે બે લાખનું દાન આપ્યું છે. સોસાઇટીએ તેને માટે વિદ્યા ભવનની સ્થાપના કરી છે. ઉપરાંત શા. પોપટલાલ હેમચંદે અધ્યાત્મ વ્યાખ્યાનમાળા ચાલુ કરવા માટે તેમજ તે વ્યાખ્યાનો પુસ્તકાકારે પ્રકટ કરવા માટે એક-ત્રીશ હજારનું દાન કર્યું છે. અમદાવાદમાં મહાવીર વિદ્યાલયની શાખા તરીકે શરૂ કરવા શેઠ ભોળાનાથ જેસીંગભાઇએ લગભગ બે લાખની કિંમતનું એક સુંદર મકાન વિશાળ જગ્યા સાથે અર્પણ કર્યું છે. શ્રીમદ્ વિજય-વલ્લભસૂરિની છત્રછાયામાં આત્માનંદ જૈન મહાસભા, પંજાબનું ૧૯મું અધિવેશન લુધી-આનામાં થયું હતું. રા. બ. શેઠ જીવત-લાલ પ્રતાપસી તરફથી સ્વતંત્ર રીતે ચલા-વાતી જાસુદ બહેન ધાર્મિક પાઠશાળાનો વાર્ષિક મેળાવડો મુંબઈમાં શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી. ના પ્રમુખપદે ઉત્સાહપૂર્વક થયો હતો; જેમાં વિદ્યાર્થીઓ અને કન્યાઓને લગભગ એક હજાર ઉપરાંત ઇનામોની વહેં-ચણી કરવામાં આવી હતી. કુંડલાખાતે વિદ્યાર્થીગૃહનું ઉદ્ઘાટન ગતવર્ષમાં ફિલ્મ ઉદ્યોગપતિ શ્રી મોહનલાલ તારાચંદ તરફથી થયું હતું. આવી સંસ્થાનું પ્રાકટ્ય એ આપણો પ્રાણ છે; આમાં જૈન ધર્મ અને વ્યવહારનું જ્ઞાન સાથે મળે છે.

જૈન સોસાયટી અમદાવાદમાં જૈન સાહિ-ત્યનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું જે મુ. શ્રી દર્શનવિજયજી ત્રિપુટીએ ગત વર્ષમાં સ્થાપેલ પ્રાચ્ય વિદ્યાભવનમાં હતું. પ્રાચીન તાડપત્રીને ભોજપત્રીય પ્રતો, કહાનડી ભાષામાં કોતરેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાડપત્રો, મથુરાના કંકાલી ટીલાના પ્રાચીન સ્થાપત્યના ફોટાઓ વિગેરેનો સુંદર સંગ્રહ હતો. આ પ્રસંગે પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી રવિશંકર રાવળે આનંદથી કહેલું કે "જૈન સાધુઓએ ભૂતકાળમાં આવા સાહિત્ય પાછળ કેટકેટલી પ્રવૃત્તિઓ કરી હશે ?"

કરાડા તીર્થમાં રા. સા. શ્રી કાંતિલાલ ઇશ્વરલાલના અધ્યક્ષપણા નીચે જૈન ગુરુકુલનું ઉદ્ઘાટન થયું હતું. સ્વ. નાનાલાલ હરિચંદના ધર્મપત્ની મણિબહેન તરફથી પચાસ હજારની સહાય પાલીતાણા જૈન ગુરુકુળમાં ચાલતી મીડલ સ્કૂલ માટે મળી છે. જૈન ગુરુકુળ પાલીતાણાના વિભાગ તરીકે કૉમર્શ્યલ સ્કૂલ માટે મકાન કરવા દાદરમાં લગભગ સાડાત્રણ લાખની જગ્યા લેવામાં આવી છે તેમજ કૉમર્શ્યલ સ્કૂલ માટેનું ફંડ લગભગ બે લાખનું થયું છે.

આજથી બાર માસ ઉપર શ્રી તળાજા તીર્થમાં ડુંગર પર ચૌમુખજીની ટુંકમાં કોઈ હલકા માણસે મૂર્ત્તિઓનું ખંડન કર્યું હતું, જે બનાવ ઘણો જ શરમજનક હતો. લાખા ભુરા પંચોળીએ પોતે મૂર્તિઓનું ખંડન કર્યું છે, તેમ એકરાર સ્વેચ્છાએ જાહેર કર્યો હતો અને કૉર્ટમાં કામ ચાલતાં તેને ચાર વર્ષની સજા થઇ છે. તળાજા બૉર્ડીંગની જમીનનો નિકાલ લાવવો જોઇએ અને તળાજા ટેકરી ઉપરના મંદિરો સુરક્ષિત બને એ માટે રાજ્યને અરજી કરી જરૂરી બાંધકામો કરી લેવાની જરૂર છે.

શ્રી વાડીલાલ મનસુખલાલ પારેખે કપડવંજમાં સાર્વજનિક મહિલા વિદ્યાલય શરુ કરવા માટે પચાસ હજાર અને તેમનાં પત્નીએ પંદર હજારનું દાન જાહેર કર્યું હતું. વળી કપડવંજમાં કેળવણી પ્રચાર માટે પાઠશાળા અને જ્ઞાનમંદિર માટે તેમણે એક લાખ રૂપીઆની રકમ જુદી કાઢી છે. ઉપરાંત ગત વર્ષમાં ખેદજનક બનાવ ચંદ્રોદયસાગરનું પ્રકરણ છે; જે કોર્ટમાં ગયેલ છે. રા. બ. શેઠ જીવતલાલ પ્રતાપસી તથા મુંબઈ સમાચારના તંત્રી ઉપર બદનક્ષીનો દાવો મુંબઇ હાઇકૉર્ટમાં એમણે માંડેલ છે, જે સાધુ જીવન માટે અનુચિત છે. આવી હકીકતોનું જૈન સમાજના આચાર્ય મહારાજો અને આગેવાનો ઘરગતુ નિરાકરણ કરે તે ઇષ્ટ છે.

ગત યુદ્ધમાં જૈન સમાજનો અમુક વર્ગ ઘણો શ્રીમંત બની ગયેલો છે; જ્યારે મધ્યમ વર્ગની હાલાકી અને હાડમારીનો પાર નથી તેવા સમયે તે દિશામાં પણ જૈન સમાજે પોતાના દાનનો પ્રવાહ વાળવાની આવશ્યકતા છે. અમે જૈન દર્શનના નવા થયેલા શ્રીમંત વર્ગનું ધ્યાન તે તરફ દોરીએ છીએ.

ગત વર્ષમાં જૈન સૃષ્ટિમાં શેઠ અમૃતલાલ કાળીદાસ તથા શેઠ દામજી જેઠાભાઇ રાવબહાદુર થયેલા છે એ જૈન કોમ માટે અભિનંદનનો વિષય છે.

## લેખ દર્શન—

ગત વર્ષમાં ૨૬૭ પૃષ્ઠોમાં લગભગ છવીશ પદ્ય લેખો અને ગદ્ય લેખો લગભગ પાંસઠ આવેલા છે. કાવ્ય લેખોમાં મુ. શ્રી લક્ષ્મીસાગરજીના શ્રી શાંતિનાથજી તથા શ્રી પદ્મપ્રભ જિન સ્તવનના બે લેખો, મુ. શ્રી હેમેંદ્રસાગરજીના પર્યુષણારાધના વિગેરે પાંચ લેખો, આ. શ્રી વિજયપદ્મસૂરિના શ્રી શાંતિનાથ સ્તવન વિગેરે બે લેખો, મુ. શ્રી યશોભદ્રવિજયજીનો શ્રી મહાવીર સ્તુતિનો લેખ, રા. ગોવિંદલાલ ક. પરીખના ઉન્નતિના શૃંગે વિગેરે બે કાવ્યો, નવકાર મહામંત્રનો રા. હીરાચંદ ઝવેરચંદનો લેખ, રા. વૈરાટીના ચલે નદી કા વહેણુ વિગેરે આઠ કાવ્યો, રા. બધેકાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નૂતનવર્ષાભિનંદનનો લેખ, આવેલા છે. ગદ્ય લેખોમાં આ. શ્રી વિજયપદ્મસૂરિના સંક્ષિપ્ત બોધવચનમાળા વિગેરે સાત લેખો, મુ. શ્રી ધુરંધરવિજયજીના કાવ્યથી મળતા મહાન લાભો વિગેરે સાત લેખો, મુ. શ્રી લક્ષ્મીસાગરજીના સિદ્ધચક્રનું અપૂર્વ માહાત્મ્ય વિગેરે ત્રણ લેખો, આ. શ્રી વિજયકસ્તૂરસૂરિના વિચારશ્રેણિ વિગેરે તાત્ત્વિક નવ લેખો, મુ. શ્રી ન્યાયવિજયજી( ત્રિપુટી ) ના શ્રી હેમચંદ્રાચાર્યની જીવનઝરમરના છ લેખો, સં. પા. મુ. શ્રી પુણ્યવિજયના વાદ પ્રતિવાદના ભેદો વિગેરે સાત લેખો, રા. ડુંગરસી ધરમશી સંપટના સાહિત્ય સેવા વિગેરે બે લેખો, રા. જીવરાજ ઓધવજીનો પ્રભુ મહાવીરના ધર્મની સર્વદેશીયતાનો લેખ, રા. ચોકસીના પ્રમાદથી સત્યાનાશના ત્રણ લેખો, સ્વ. ભાઇ ચંપતરાય જૈનીના Key of Knowledgeના ભાષાંતરના બે લેખો, રા. ન્યાલચંદ લક્ષ્મીચંદના મરણનો ભય શા માટેના બે લેખો, ડો. ભગવાનદાસના શ્રીમાન્ યશોવિજયજીના ચાર લેખો, રા. અભ્યાસીના આપણું કલ્યાણ અને સામયિક ચેતવણી વિગેરે ત્રણ લેખો, શ્રી ફતેહચંદ ઝવેરભાઈના નૂતનવર્ષનું મંગલમય વિધાન અને પ્રાસંગિક સ્ફુરણના ત્રણ લેખો અને માનદ મંત્રી શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસના વર્તમાન સમાચાર અને સ્વીકાર સમાલોચનાના લેખો—આ સર્વ ગદ્ય પદ્ય લેખક મહાશયોનો અમે સપ્રસંગ આભાર માનીએ છીએ. લેખો સંબંધમાં વિશેષ અતિશયોક્તિ ન કરતાં વાચકોના ઉપાદાન કારણરૂપ આત્મભૂમિકામાં વવાયેલાં સંસ્કારબીજોને તે તે લેખોના પરિણામ–પરિપાકનો ન્યાય સુપ્રત કરીએ છીએ.

**અમારી ભાવના અને કાર્યપ્રણાલિ—**

જીવન દરમિયાન અનેક વ્યક્તિઓ, સંસ્થાઓ, સંમેલનો અને નાની મોટી વિભૂતિઓના સંબંધમાં આવી માનવી પોતાના જીવનનું ઘડતર ઘડયે જાય છે. નિરાશાથી પર થયેલા માનવીઓ જીવનના પ્રત્યેક નાના મોટા પ્રસંગને તેના યથાર્થ સ્વરૂપમાં જોઇ શકે છે. રાત જેમ વધારે અંધારી તેમ સૂર્યોદય વધારે મનોહર; શંકા જેમ વધારે ગાઢ તેમ જ્ઞાનનાં તેજ વધારે ઉજ્જ્વળ, વાદળા જેમ વધારે કાળાં તેમ ચંદ્ર વધારે સ્વરૂપવાન હોય છે તેમ અમારી અપૂર્ણતા વચ્ચે અમો પણ ઘડાતાં ઘડાતાં યથાશક્તિ પ્રગતિ કરીએ છીએ; ઉચ્ચ સંકલ્પના દીપકવડે અમારી અપૂર્ણતાઓ નિરખીએ છીએ અને એ અપૂર્ણતાઓ જેટલે અંશે પૂર્ણ થાય તે રીતે પ્રતિવર્ષ પ્રયાસ કરીએ છીએ.

પ્રસ્તુત નવીન વર્ષમાં જૈન દર્શનના સિદ્ધાંતો સર્વ દર્શનોના સમન્વય રૂપે કેમ બને તેવી રચનાત્મક શૈલીથી સુંદર લેખો આપવા ઇચ્છા રાખેલી છે; દેવ ગુરુ ધર્મની શ્રદ્ધાપૂર્વક જ્ઞાન ક્રિયા ઉભયના રહસ્ય સાથે પરિણામે આત્માનુભવની ઝાંખી કેમ થાય, ‘ નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી પાળે જે વ્યવહાર ’ એ ઉક્તિવડે વ્યવહાર અને નિશ્ચયની ઉભય કોટિઓ આત્માને કેમ બંધબેસતી થાય તેવા હેતુપુરઃસર નવિન વર્ષમાં લેખો આવશે. આ અમારી ભાવનાની સફલતા સાક્ષર લેખકોના ઉપર નિર્ભર છે. પ્રસ્તુત પત્ર સાથે સહાનુભૂતિ ધરાવનાર તરીકે પૂજ્ય મુનિશ્રીઓ અને અન્ય સાક્ષર લેખકોનો આભાર માનીએ છીએ તેમજ નવીન વર્ષમાં અમારી ભાવનાને વિશેષ બળ આપી આત્મોન્નતિવાળા અને સમાજોપયોગી લેખો આપવા સાદર નિમંત્રીએ છીએ.

**શ્રી ઉદયપ્રભાચાર્યકૃત** ધર્માભ્યુદય કાવ્યનું ભાષાંતર **‘ સંઘપતિ ચરિત્ર ’** કે જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રા. બ. શેઠ જીવતલાલ પ્રતાપસીની સહાયથી તેમની 'સીરીઝ' તરીકે છપાય છે અને શ્રી મહાવીરના વખતની મહાદેવીઓ એ બન્ને પુસ્તકો નૂતન વર્ષમાં પેટ્રનો તથા લાઇફ મેંબરોને ભેટ તરીકે આપવામાં આવશે. ગત વર્ષમાં તપોરત્ન મહોદધિની બીજી આવૃત્તિ છપાઈ ગઈ છે. ભાષાંતર તરીકે છપાતાં ગ્રંથો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર, કથારત્ન કોષ અને વસુદેવહિંડી છે; છપાતાં મૂળગ્રંથો બૃહત્કલ્પ-સૂત્ર છઠ્ઠો વિભાગ અને ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર ૨-૩-૪-૫ પર્વો છે તેમજ છપાવવાના અનુવાદ ગ્રંથો શ્રી શાંતિનાથ ચરિત્ર, શ્રી કથારત્ન કોશ અને શ્રી દમયંતી ચરિત્ર છે. જ્ઞાન કે જે આત્માનો અરૂપી ગુણ છે તેને સંપૂર્ણપણે વિકસાવવામાં યત્કિંચિત્ સાધન તરીકે વ્યવહાર ભૂમિકામાં જે સ્થૂલ પ્રકાશ માટે અમારું અસ્તિત્વ છે તેની યથાશક્તિ સેવા બજાવવા માટે અમારું અંતઃકરણ પ્રશસ્ત આનંદ અનુભવે છે અને એ સેવામાં વિશિષ્ટ સહાયકારી સાહિત્યરત્ન **પૂ. મુ. શ્રી પુણ્યવિજયજી** મહારાજનો સપ્રસંગ આભાર માનવાની તક લઈએ છીએ.

## અંતિમ પ્રાર્થના—

સિદ્ધાત્માઓનાં આત્મ દ્રવ્યો અને જ્ઞાન ગુણ અખંડ ( ધ્રુવ ) હોવા છતાં ત્રિકાળના જગતના ભાવો પ્રતિબિંબિત થતાં પર્યાય રૂપે ઉત્પાદ વ્યય થઇ રહ્યો છે; આનું કારણ શ્રીમદ્ આનંદઘનજી કહે છે તેમ "અગુરુ લઘુ નિજ ગુણને દેખતાં દ્રવ્ય સકળ દેખત સુજ્ઞાની"—અગુરુલઘુ જે આત્માની Balancing Power 'સમતુલા જાળવવાની આત્મશકિત' છે તે છે. ઉપમિતિ ભવ-પ્રપંચા કથાકાર કહે છે કે કર્મ પરિણામનું સામ્રાજ્ય તો ચૌદ રાજલોકમાં જ છે, પરંતુ તેની પટ્ટરાણી કાલપરિણતિનું સામ્રાજ્ય તો સિદ્ધના જીવોમાં પણ ઉત્પાદ વ્યયરૂપે જ્ઞેયની વર્તનામાં રહેલું છે; આ જૈનદર્શનનું નિત્યાનિત્ય અનેકાંત સ્વરૂપનું ગહન રહસ્ય છે.

શ્રીમાન્ હરિભદ્રસૂરિના અષ્ટકના ટીકાકાર શ્રી જિનેશ્વરસૂરિએ **एको भावः सर्वथा येन दृष्टः सर्वे भावाः सर्वथा तेन दृष्टाः** "અર્થાત જેમણે આત્મ દ્રવ્યને યથાર્થ સ્વરૂપમાં જાણ્યું છે તેણે ઇતર સર્વ પદાર્થોને બરાબર જાણ્યા છે." તેમજ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી-એ શ્રી વાસુપૂજ્ય પ્રભુના સ્તવનમાં "કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવપાર" કહેલું છે તેનો સમન્વય થાય છે. જૈન દૃષ્ટિનો આ નયવાદ વિજયવંત છે; કેવલજ્ઞાનરૂપ મહાનલની ચીનગારી "સમ્યક્ત્વ" પ્રકટ થતાં વધારેમાં વધારે અર્ધ-પુદ્ગલ પરાવર્ત કાળ સુધીમાં અવશ્ય સંપૂર્ણ મુક્તિ સ્વયમેવ નજીક આવવાની જ; ક્રમે ક્રમે પાંચ કારણો અનુકૂલ થઇ જવાના, એ રીતે આત્માની ઓળખાણ અને સમ્યક્ત્વના છ સ્થાનકો જડચેતનનો વિવેક નિશ્ચય દૃષ્ટિએ પ્રાપ્ત કર્યા પછી અંતરાત્મ અવસ્થામાં પ્રગતિ કરતા, પરમાત્મપદ પ્રકટવાનું; પરંતુ આ માટે તમામ શુભ સાધનો-જિનપૂજા, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, જીવદયા, દાન, સત્ય, બ્રહ્મચર્ય, ઇંદ્રિયસંયમવ્રત, કષાયત્યાગ, વૈરાગ્ય-ધ્યાન વિગેરેની આત્માની પોતાની ભૂમિકા પ્રમાણે યથાશક્તિ તૈયારીની આવશ્યકતા છે. એ શુભ સાધનોવડે આત્માનો પરિણામ વિશુદ્ધ બનતાં આત્મસામર્થ્ય અને આત્મ-પ્રતિભાનું અપૂર્વ ભાન થવા માંડે છે. ક્રમે ક્રમે નિશ્ચય સમ્યક્ત્વ પ્રકટે છે; શ્રદ્ધાભાસન અને રમણતા( દર્શન, જ્ઞાન અને ચારિત્ર )ની સવિશેષતા પ્રકટતાં સંપૂર્ણ આત્માનંદ પ્રકટવાના સંજોગો જન્મ જન્માંતરમાં પ્રાપ્ત થાય છે. આ અભ્યંતર સૃષ્ટિનું ઉચ્ચ સ્વરૂપ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચારશ્રેણિ

લેખક—આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

સંસારી જીવોએ પરપૌદ્‌ગલિક વસ્તુના સંયોગથી જે કાંઇ આનંદ-સુખ-શાંતિ આદિ માન્યું છે તે મોહનીય કર્મજન્ય વિકૃતિ-સ્વરૂપ છે પણ આત્માની પ્રકૃતિસ્વરૂપ નથી એટલે તાત્વિક સાચું નથી.

મોહનીય કર્મ ક્ષય થયા પછી જડાત્મક વસ્તુઓના સંયોગ વિયોગથી થવાવાળા અનેક પ્રકારના પરિવર્તનમાં સુખ-દુઃખ-હર્ષ-શોક આદિ આત્માને કુસંપ થતો નથી; કારણ કે વસ્તુ માત્ર પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે તેમાં આત્માને વિચિત્ર ભાવમાં વર્તવાને અવકાશ જ નથી. આત્મા પણ તાત્વિક દ્રવ્ય છે તે પોતાના જાણવાના સ્વભાવમાં વર્તતું હોવાથી દ્રષ્ટા તરીકે જ હોઈ શકે છે અને તેથી તે વસ્તુ માત્રનો ભોગ જ્ઞાનદ્વારા જ કરી શકે છે, બાકી જડ વસ્તુના સંયોગથી થવાવાળી વિકૃતિરૂપ ભોગ સંભવી શકે નહિં.

આત્માને સ્વરૂપ ભોક્તાની શ્રદ્ધા ન થાય અને અનાદિ કાળની જડાધીનતાને લઇને થવાવાળી વિકૃતિ સ્વરૂપ વિષયાસક્તિ નષ્ટ ન થાય ત્યાં સુધી ભોગની ભ્રમણાથી તેનું ભવ-ભ્રમણ ટળી શકતું નથી.

સારું અને સાચું સ્વ-પર હિતકારી કાર્ય કરો, જનતાની કદર કે કિંમતની પરવા ન રાખો; કારણ કે તમારું કાર્ય જ તમારી કદર તથા કીંમત કરશે. જો જનતાની કદરની ઇચ્છા રાખશો તો સાચું અને સારું નહિ કરી શકો અથવા તો કાર્ય કરતાં અટકી જશો.

આનંદ લેવા નિકળ્યા છો તો જ્યાંથી મળે ત્યાંથી લઈ લ્યો, પણ ધ્યાન રાખજો કે આનંદની ભ્રાન્તિથી શોક ન આવી જાય માટે સદ્‌બુદ્ધિથી પરીક્ષા કરીને લેજો.

દુનિયામાં આકૃતિપૂજક ઘણા છે પણ પ્રકૃતિપૂજક કોઇક વિરલ જ છે. સાક્ષાત્ પ્રભુ હોય, પ્રતિમા હોય પણ જ્યાં સુધી પ્રકૃતિ-પૂજક ન બનાય ત્યાં સુધી આત્મા પ્રકૃતિ-સ્વરૂપ બની શકતો નથી.

---

રહસ્ય પ્રાપ્ત કરવાની કળા પ્રત્યેક વાચક પ્રાપ્ત કરે તથા પ્રસ્તુત પત્રના વાચકોમાં જ્ઞાન અને ક્રિયાના રહસ્યોમાંથી આધ્યાત્મિક નવચેતના પ્રકટે એ સદિચ્છા સાથે ઉપસંહારમાં શ્રી કલ્યાણ પાર્શ્વનાથ પ્રભુનું મંગલમય સ્મરણ કરી, વિક્રમ રાજાના પ્રતિબોધક શ્રી સિદ્ધસેન દિવાકરજીએ ઉજ્જયિનીમાં મહાકાલ પ્રાસાદમાં નવમા સ્મરણરૂપે પ્રચલિત થયેલા ૪૪ શ્લોકમય રચિત કલ્યાણમંદિરનો નીચેનો સ્તુતિ-શ્લોક અમારા આત્માના ધ્વનિનો અલ્પ સ્વર પૂરી સાદર કરી વિરમીએ છીએ.

यद्यस्ति नाथ ! भवदंघ्रिसरोरुहाणां ।
भक्तेः फलं किमपि संततसंचितायाः ॥
तन्मे त्वदेकशरणस्य शरण्य भूयाः ।
स्वामी ! त्वमेव भुवनेऽत्र भवांतरेऽपि ॥१॥

" હે વિભો આપના ચરણકમળોને વિ-શુદ્ધ યોગોથી નિરંતર આરાધ્યાનું યત્કિંચિત્ ફળ મળી શકે તો જન્મ જન્માંતરમાં પણ આપનું જ આલંબન-શરણ મળ્યા કરજો."

ॐ शांतिः शांतिः शांतिः ॥

ફતેહચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણીપણાનું માન જોઇતું હોય તો પોતાના આત્માની પાસેથી મેળવો, બીજાની પાસેથી મેળવવાની ઇચ્છા ન રાખો. જો તમારો આત્મા જ તમારો તિરસ્કાર કરતો હશે તો બીજાઓ તમને ગમે તેવા પ્રકારનું અને ગમે તેટલું માન કેમ ન આપે તો પણ તમે તો તિરસ્કારનું પાત્ર જ રહેવાના.

સાચું અને સારું જોઇયે છે બધાયને, પણ સાચું અને સારું જાણવું અને વર્તવું કોઇને ગમતું નથી,

સેરડી મીઠી લાગતી હોય અને ચૂસવાનું મન થાય તો ચૂસો, પણ પૂંછડે ફિકાશનો ભાગ શરુ થાય ત્યારે ફેંકી દેજો, ચૂસશો નહિ; કારણ કે બાણ-પૂંછડાના ભાગને પશુઓ ખાય છે માટે જો (બાણુ)ને પણ ચૂસતા રહેશો તો તમારામાં અને પશુમાં કાંઈ પણ અંતર રહેશે નહિં.

મારે નથી મરવું એમ છાતી ઠોકીને કહેનાર સંસારમાં અત્યાર સુધી કોઇપણ નીકળ્યું નથી, પણ મારે નથી જન્મવું એમ નિશ્ચયપૂર્વક કહેનારા સંસારમાં અનંતા થઈ ગયા છે કે જેઓ પાછા અવતર્યા જ નથી.

જ્યાં સુધી માણુસના ખોળિઆમાં જીવનો વાસો હોય છે અર્થાત્ માણુસ જીવતો હોય છે ત્યાં સુધી તે ધારણા પ્રમાણે કેટલુંક કામ કરી શકે છે; પણ જ્યારે દેહથી છૂટો પડે છે, મરી જાય છે ત્યારે પોતે સર્વથા પરાધીન હોવાથી કાંઈપણ કરી શકતો નથી; તેને પોતાની હયાતીની પણ હોંશ હોતી નથી. હું કોણ છું ? કયાં છું ? જગત શું છે ? તેનું જરાયે ભાન હોતું નથી. ચક્રવર્ત્તી, રાજા-મહારાજા, શ્રીમંત કંગાળ આદિ બધાયને આ નિયમ સરખી રીતે લાગુ પડે છે. જન્મ્યા પછી મેળવેલી કોઇપણ પ્રકારની સત્તાવાળો આ નિયમનું ઉલ્લંઘન કરી શકતો નથી.

માનવી જીવતો હોય છે ત્યાં સુધી દેહના આશ્રયમાં રહીને ધન, રૂપ, બળ, ઐશ્વર્ય તથા સ્વામીપણાની સત્તાના મદમાં અનેક જીવોને ત્રાસ-ભય-કલેશ-સંતાપ વિગેરે આપતી વખતે જીવનના છેડે દેહ છોડતાં કે દેહ છોડ્યા પછી થવાવાળી પોતાની નબળી અને નિઃસહાય સ્થિતિ સંભારતો નથી.

જીવોને કલેશ-ત્રાસ-ભય આપીને પણ જીવાય છે અને સુખ-શાંતિ તથા સંતોષ આપીને પણ જીવાય છે, છતાં બીજાની અનિચ્છાયે પણ પોતાની શુદ્ર વાસના તથા સ્વાર્થ પોષવા તેને પોતાનો તાબેદાર બનાવવાની ઈચ્છાથી પોતાને મળેલી સત્તા વાપરીને પોતાના વિચાર તથા વર્તનને અનુસરવાની ફરજ પાડે છે પણ સ્વતંત્ર જીવવામાં બીજાને પોતાની સત્તાનો સહયોગ આપતા નથી. તેમને એટલુંયે ભાન હોતું નથી કે મારી પાસે જે કાંઈ સત્તા-સામર્થ્ય કે શક્તિ છે તે ઉછીનાં મળ્યાં છે માટે તે એક દિવસ પાછાં છીનવી લેવામાં આવશે.

ભીંત ઉપર, કપડા ઉપર કે કાગળ ઉપર અથવા તો એવી બીજી કોઇ પણ વસ્તુ ઉપર ચીતરેલાં ચિત્રો કાળાંતરે ભૂંસાઈ જવાની જેમ માનવીઓ દુનિયાનો પ્રલય માને છે. કોઈ કલિયુગના છેડે તો કોઈ પાંચમા આરાને છેડે માને છે. પ્રલય માટે ભિન્ન ભિન્ન અનેક પ્રકારની માન્યતાઓ પ્રચલિત છે. તેના કાળનું અંતર તો બધા પાંચ હજાર વર્ષનું બતાવે છે, પણ વિચાર કરતાં એમ સમજાય છે કે જે દિવસે જીવ માનવીનું ખોળિયું છોડે છે તે દિવસે જ તેના માટે દુનિયાનો પ્રલય થાય છે, દુનિયાનું ચિત્ર તેની દૃષ્ટિમાંથી તથા સ્મરણમાંથી ભૂંસાઇ જાય છે, માટે પ્રલયના સમયમાં હજારો વર્ષનું અંતર નથી પણ જીવોના પરિમિત જીવનના છેડે રહેલા હોવાથી પ્રલયના કાળનું અંતર પણ પરિમિત વર્ષનું છે. તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો પ્રત્યેક સમયે દુનિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાનો પ્રલય થાય છે. જૂનાં ચિત્રો ભૂંસાય છે અને નવાં દોરાય છે. એક જ સમયમાં ભૂંસાવું અને દોરાવું થાય છે કે જેનો સર્વજ્ઞો સિવાય કોઇપણ સાક્ષાત્કાર કરવાને સમર્થ નથી. અલ્પજ્ઞો જે જાણે તે સર્વજ્ઞોના વચનોથી જ જાણે છે પણ પોતે સ્વતંત્રપણે જાણી શકતા નથી. આ પ્રમાણે પ્રત્યેક પળે ચીતરાતા અને ભૂંસાતા ક્ષણિક જગતની અસર ખોળિઆમાં વસતા જીવને થતી નથી; કારણ કે ક્ષણિક પરિવર્તનમાં અત્યંત સૂક્ષ્મપણે થવાવાળા ઉત્પત્તિ વિનાશથી દેહનો સર્વથા વિયોગ થતો નથી એટલે જીવને પ્રલય જેવું કાંઇપણ લાગતું નથી; પણ જ્યારે દેહનો આશ્રય છોડીને મોતને તાબે થવું પડે છે ત્યારે તેની દૃષ્ટિમાંથી જગતનું ચિત્ર ભૂંસાવા માંડે છે અને દુનિયાનું સાચું સ્વરૂપ સમજાય છે. દુનિયા શી વસ્તુ છે, મોજશોખ શી વસ્તુ છે, સગા સંબંધી શું છે અને સંપત્તિ–ઐશ્વર્ય–બાગ–બંગલા આદિ શું છે? તે બધુંય જીવને દેહ છોડતી વખતે યથાર્થ જણાય છે.

સંતોષ–શાંતિ–સમતા-દયા-દાન–ક્ષમા અને સરળતા આદિ ઉત્તમ જીવનના સાથીયોની અવગણના કરીને કામ–ક્રોધ–મોહ–નિર્દયતા તથા દંભ આદિનો આદર કરનાર મોતને તાબે થયા પછી બેભાન અવસ્થામાં જીવન–કાળમાં આદર કરાયલાની પ્રકૃતિ પ્રમાણે ભાવી જીવનવ્યવસ્થા મેળવી શકે છે; કારણ કે મૃત્યુ પછી જીવ સ્વતંત્રપણે કાંઈપણ કરી શકતો નથી. દેહ છોડતાની સાથે જ જીવન-કાળમાં માત્ર દેહની સાથે જ સંબંધ ધરાવનારા ધન–સ્વજન આદિ સંયોગ માત્રથી મુકાઇ જઇને ગાઢતમ અંધકારમાં પ્રવેશ કરે છે ત્યારે કર્માધીન જીવની પાસે દેહ-ઇંદ્રિયાદિ જાણવાનું કે સમજવાનું કાંઇપણ સાધન ન હોવાથી મૂર્ચ્છિત થયેલા દેહધારી જીવના જેવી દશાને અનુભવે છે તે વખતે જીવનકાળના સાથીયો નવી દુનિયામાં લઈ જઇને તેની જીવન વ્યવસ્થા ઘડે છે. જો સંતોષ–શાંતિ આદિ સાથીયો હોય તો તેઓ દૈવી કે માનવી દુનિયામાં જીવને લઈ જઇને મનગમતી જીવન વ્યવસ્થા કરે છે. જેથી જીવ પ્રકાશમય દુનિયામાં માનેલાં અથવા તો સાચાં સુખ–શાંતિ તથા આનંદનો ભોગી બને છે, અને કામ–ક્રોધાદિના આશ્રિત આત્માઓને તો મૃત્યુ-કાળ પછી પ્રકાશમય દુનિયામાં પ્રવેશ મળી શકતો નથી. પાશવી કે નારકીની અત્યંત ત્રાસ તથા ભયવાળી અને અંધકારવ્યાપ્ત દુનિયામાં અનંતા કાળ સુધી પણ જન્મમરણ કરવાં પડે છે, તે વખતે માનવ જીવનના મિથ્યા વૈભવોનો આછો પડછાયો પણ હોતો નથી; કારણકે કામ–ક્રોધાદિ જીવના શત્રુ હોવાથી તેને સુખ–શાંતિ તથા સાચું અને સારું મેળવી આપવામાં ઉદાસીન જ હોય છે. અથવા તો વસ્તુ પોતાના સ્વભાવ પ્રમાણે જ પરિણમે છે. સંતોષ–શાંતિ આદિ અમૃત છે અને કામ–ક્રોધાદિ વિષ છે; માટે અમૃત સેવન કરનાર અમર બને છે, ત્યારે વિષનું સેવન કરનારને મૃત્યુને તાબે થવું પડે છે.

કામ–ક્રોધાદિ વિલાસના ઉત્પાદક છે માટે વિલાસિયોને તેનો આદર કરવો પડે છે. વિલાસ વિષ જેવો હોવાથી ભોગવતાં મધુર લાગે છે; પણ પરિણામે તો જીવને અણગમતા સંયોગોમાં લાવી મૂકે છે, છતાં મોહથી મુંઝાયલો જીવ સુખની મિથ્યા ભ્રમણાથી કામ–ક્રોધનો અત્યંત આદર કરે છે; કહેવાતા સમજુ ત્યાગી પણ મોહની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને અસમર્થ હોવાથી માયાનો આશ્રય લઇને પણ કામ-ક્રોધાદિની સેવા બજાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય

(૧)

**ધનવાનપણું અને ધર્મ–**

**પ્રાણી ધર્મને પ્રતાપે ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે,**
**એ જ ઐશ્વર્યથી જો એ ધર્મનો ધ્વંસ કરે,**
**તો તો એ સ્વામીદ્રોહ કરવાનું પાતક કરે છે.**
**એવા સ્વામીદ્રોહીને સારા વાનાં કેમ થાય?**

અત્યારે જે કાંઈ સારાં વાનાં છે તેનું કારણ શું? અગાઉથી કોઇ કમાણી કરી આવ્યા છીએ, તેથી સુંદર મનખા દેહ, ઇંદ્રિયોની અનુકૂળતા, વ્યાધિ રહિત શરીર, મગજમાં સમજવાની શક્તિ, પરિવારની અનુકૂળતા, સામગ્રીની સહકારિતા વગેરે વગેરે અનેક બાબતો મળી છે. બાજુના પ્રાંતમાં હજારો માણસો ભૂખે ટળવળે અને મરે ત્યારે પેટ ભરીને અનાજ આપણને મળે છે. પોતાને સમાજમાં, સગાંઓમાં, સંબંધીઓમાં કોઇ સ્થાન છે-આવી આવી અનુકૂળતાઓ અનેક છે. એ સર્વની પાછળ ઇતિહાસ છે, એ સર્વની પાછળ પ્રયત્ન છે, એ સર્વની પાછળ ત્યાગ, સંયમ કે અર્પણ છે અને એ સર્વની પાછળ ધર્મનો પ્રભાવ છે. દાન, શીલ, તપ સર્વ પ્રયત્ન માગે છે, ભોગ માગે છે અને આગળ જતાં એનો બદલો આપે છે. એટલે આપણી વર્તમાન અનુકૂળ પરિસ્થિતિનું કારણ પૂર્વકાળમાં આપણે આચરેલ ધર્મ છે. ધર્મ શબ્દ અહીં વિસ્તૃત અર્થમાં સમજવો. આપણા સારા વિચારો, ઉચ્ચ વર્તમાન, પ્રમોદ, સંયમ, ત્યાગ, સત્ય, અહિંસાનું પાલન એ સર્વ વ્યવહારના ધર્મને વિશાળ અર્થમાં સમજી લેવા. એટલે આપણી સારી પરિસ્થિતિ ધર્મને પ્રતાપે થઇ.

હવે એ જ ધર્મનાં પરિણામોથી આપણે ધર્મનો નાશ કરીએ તો આપણા જેવા સ્વામીદ્રોહી બીજા કોણ કહેવાય? ધર્મથી લક્ષ્મી મળે અને એ લક્ષ્મીથી નાચમુજરાં કે રખડાઉપણું પ્રાપ્ત થાય, લક્ષ્મીનો ઉપયોગ જુગાર ખેલવામાં થાય કે આવડતનો ઉપયોગ તકરાર કરવામાં કે અર્થ વગરના ઝગડા કરવામાં કે નાસ્તિકપણાનો પ્રચાર કરવામાં થાય કે બોલવાની ચતુરાઇનો ઉપયોગ વાદવિવાદમાં થાય કે લેખનનો ઉપયોગ ઝગડા જમાવવામાં થાય તો તો આપણે મોટો સ્વામીદ્રોહ કર્યો કહેવાય. ધર્મથી મળેલાં સાધનોનો ઉપયોગ ધર્મનાશ કરવામાં થાય તો બહુ ખોટું કહેવાય. એમાં આપણો શક્કરવાર વળે નહિ અને એ માર્ગે આપણો ઉદય થાય નહિ.

સ્વામીદ્રોહ જેવું દુનિયામાં પાપ નથી અને ધર્મ-દ્રોહ કરીને ઊંચા આવવાની ધારણા જેવી અન્ય મૂર્ખાઇ નથી. ધર્મથી–સદ્વર્તનથી મળેલ અનુકૂળતાનો ઉપયોગ સારો થાય તો જ આપણી પ્રગતિ થાય, નહિ તો તો આપણે ચક્રભ્રમણમાં પડી જઇએ, ખાડામાં ખુંચાઇ જઇએ, અને ઊંડા ઊતરતાં આપણો આરો ન આવે. મળેલ સામગ્રીનો ઉપયોગ જમે પાસું વધારવામાં કરે તે જ ધર્મકુશળ પ્રાણી કહેવાય.

---

**धर्मादधिगतैश्वर्यो धर्ममेव निहन्ति यः। कथं शुभायति भावी स स्वामीद्रोहपातकी ॥**

( સુભાષિત )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## (૨)

**હોય ત્યારે આપે જાઓ—**

**૧. વિપત્તિ વખતે કામ લાગે માટે ધન સાચવવું.**

**૨. ભાગ્યશાળીને વળી વિપત્તિઓ કેવી?**

**૩. કદાચ ભાગ્ય ફરી જાય-દૈવ રૂઠે.**

**૪. (દૈવ કોપે તો) સંઘરેલ સંપત્તિ પણ નાશ પામે છે.**

અસ્તવ્યસ્ત લાગતા આ શ્લોકમાં ભારે વિચાર ગૂંથણી કરી છે. એની પાછળ ભોજ-રાજાની ઉદારતાની ઉદાત્ત કથા છે. ભોજ રાજા સુંદર કાવ્ય કરનારને ભારે રકમ આપતા હતા. એક વખત તો નદીકાંઠે ઊતરતા માણસનો **જાનુદઘ્ન** ગોઠણપ્રમાણ પાણી નદીમાં છે એવો શબ્દનો સુંદર પ્રયોગ સાંભળીને ભોજ રાજાએ એને લાખ સોના મહોર આપી દીધી. કોઇ કવિને શીરપાવ, તો કોઇને વર્ષાસન, કોઇને સભામાં સ્થાન તો કોઇને સોના હાથીનાં દાન. એનો દાનપ્રવાહ ધોધબંધ ચાલ્યા જ કરે. મંત્રીઓ આટલી મોટી ઉદારતા સહન ન કરી શકયા એટલે એક સમયે એમણે રાજાના પ્રવેશ દ્વાર ઉપર પ્રથમનું પદ લખ્યું (નં. ૧). **આપત્તિ વખતે કામ લાગે માટે માણસે ધનને જાળવવું**, એકઠું કરવું-એને ઉડાડી ન દેવું', એવો એનો ભાવ હતો.

ભોજ રાજાએ તુરત પોતાને હાથે લખ્યું કે **નસીબદાર શ્રીમાનને આપદા કેવી?** (નં. ૨). મતલબ એ હતી કે ભાગ્યવાનને આપદા હોય જ નહિ. ભાગ્યવાનને ને આપદાને વિરોધ જ હોય, એને તો પાણી માંગે ત્યાં દૂધ મળે ત્યાં વળી દુઃખની વાત કેવી?

ભોજ રાજાના અમલદારો પણ ભણેલા હતા. મંત્રીઓએ તેની નીચે ત્રીજું ચરણ ઉમેર્યું. 'ધારો કે દૈવ કોપે તો? નસીબ ફરી જાય તો? મોળા દિવસો આવે તો?' આમાં આડકતરી ચેતવણી અને ગર્ભિત ઠપકા જેવું હતું. સર્વના એકસરખા દિવસો જતા નથી, પણ અંધારી રાતનો હોંકારો થઇ પડે તેવું ધન રક્ષવું-બચાવવું-સંઘરવું ઘટે.

પણ મહારાજા ભોજ પોતે વિદ્વાન, સત્ત્વશાળી અને વિચારક તત્ત્વજ્ઞાની હતા. એમણે એની નીચે ચોથું ચરણ ઉમેર્યું કે— **દૈવ કોપે ત્યારે તો એકઠો કરેલો પૈસો** કે જાળવી રાખેલી સંપત્તિ **પણ નાશ પામી જાય.** જ્યારે દિવસ ઊઠે છે ત્યારે તો મોટા ભૂપ હોય કે રાજા મહારાજા હોય કે મોટા શેઠીઆ હોય એના ઘરમાંથી ધન પગ કરીને ચાલ્યું જાય છે; માટે હોય ત્યાં સુધી વાપરો, દાન કરો અને નામના કરો. શેઠના ઘરમાંથી ધન ચાલવા માંડયું ત્યારે હાથમાં એનો આંકડો રહી ગયો તે પણ બીજે દિવસે બીજાને ઘેર જમવા જતાં તેના થાળમાં ચોંટી ગયો. ધન જવા બેસે ત્યારે તો દોકડા પૈકે ચાલ્યું જાય છે, પણ સારાં કામમાં હોય ત્યાં સુધી ખરચ્યે જ રાખો, **ખાધું ખૂટશે, પણ આપ્યું ખૂટશે નહિં**, અને સારી બાબતના ખર્ચના નસીબ પણ મોટા જ હોય છે, માટે હોય ત્યારે આપો, આપો અને ન આપો તો અમારા જેવા ન આપનારના હાલ જુઓ એમ ભિક્ષુક બોધ આપે છે. તેના જેવા ન થવું હોય તો **રાજા ભોજને અનુસરો.**

**आपदर्थे धनं रक्षेत्, भाग्यभाजां क चापदः?। कदाचित् कुप्यते दैवं, सञ्चितार्थोऽपि नश्यति॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ )

**ચિંતવન**-Self Examination—

**દેશ કયો છે? કોણ મિત્રો છે? સમય કયો વર્તે છે? આવક અને વ્યય કેવા છે? હું કોણ છું? મારી શક્તિ કેવી છે? આ વાતનું ચિંતવન વારંવાર કરવું.**

પ્રાણીએ જો પોતાનું શ્રેય સાધવું હોય તો **આત્મ ચિંતવન** વારંવાર કરવું જોઇએ. પોતાની શક્તિની ખરી તુલના, પોતાની મર્યાદાનો ખરો કયાસ, પોતાની શક્તિનો થતો હ્રાસ, પોતાની તકોનો થતો વિનાશ, પોતાની આવડતનો નિરર્થક નાશ અને પોતાની ગણુતરી કે સ્પષ્ટ ખ્યાલની ગેરહાજરીમાં થતો અલ્પ લાભ જો માણુસ વિચારે તો ઘણો ફેરફાર કરી આખા જીવનપ્રવાહમાં મોટો ફેરફાર કરી શકે. હકીકત એવી બને છે કે વિચારણાની કે તપાસની ગેરહાજરીમાં પ્રાણી પવન આવે તેમ દોરવાય છે, ઝપાટા આવે તેમ ઝડપાય છે અને ઘણે ભાગે પાછળથી ધક્કો લાગે અને ગાડી આગળ ચાલે તેવી તેની દશા થાય છે, અને સઢ વગરના વહાણુની પેઠે એ ભરદરિયે આમતેમ કૂટાય છે. પોતાની શક્તિનો, પોતાની તકોનો, પોતાના દેશ કાળનો, પોતાના સંબંધોનો, પોતાની અલ્પતાઓનો, પોતાના ઉત્તેજકોનો, પોતાના નિંદકોનો, પોતાના હિતસ્વીઓનો અને પોતાની ખાસ સગવડો અને અનુકૂળતાઓનો જે પ્રાણી વિચાર કરે છે તે નિરર્થક પ્રયત્નોને તિલાંજલી આપી શકે છે, શક્તિના માપ લઈ તદનુસાર પોતાની બાજી માંડે છે અને પોતાને ગોટે ચઢાવનાર, ખુશામતીઆ કે વિરોધીને બરાબર ઓળખી તેમનું માપ કરી પોતે પોતાના કદ પ્રમાણે કપડું કાપે છે અને ગજ કાતરનો સાચો અને સારો ઉપયોગ કરે છે.

આ **આત્મચિંતવન**ની આખી રીત અતિ ઉપયોગી છે. એમાં માણુસને પોતાની શક્તિનું ભાન થાય છે અને સાથે મર્યાદાઓનો પણ ખ્યાલ થાય છે. ધોરણ વગરના ઉપરછલ્લું કામ કરનારા માણુસો કોઈ વાર ફાવી જતાં દેખાય તો તે અકસ્માત સમજવો. સમજુ માણુસ સામે જોવાને બદલે પગ તરફ જુએ છે, સામાનો ધોખો કરવાને બદલે પોતાની સમજણ કે ગણુતરીમાં કયાં સ્ખલના થઇ તેની આંકણી કરે છે. એમ કરનાર કદી માર ખાતો નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને વિચારનાર, પોતાને બરાબર પીછાણુનાર અને દરેક નાના મોટા બનાવમાં રહેલ રહસ્ય તારવનાર આખરે ફાવે છે, એની પ્રગતિ થાય છે અને એ સાધ્ય સન્મુખ કૂચ કરે છે. જે વ્યાપારમાં થોડી ખોટે સરવાળે વધારે આવક થાય તેવો વેપાર તે કરે, થોડી ખોટ તો દરેક વ્યાપારમાં થાય જ છે એ વાત તે સ્વીકારે અને એકંદરે થતા લાભ તરફ નજર રાખે.

આત્મચિંતવન, સ્વપરીક્ષા, લાભાલાભની ગણુતરી અને વિકારોનું તારતમ્ય સમજનાર અંતે આગળ વધે છે અને છેવટે એનું જીવન-સાધ્ય સફળ થાય છે. પોતે કોણ છે? પોતાની શક્તિ કેટલી છે? પોતાના સહાયક વ્યક્તિઓ અને ગુણો કેવા છે અને પોતે કયા પ્રદેશમાં અને કયા કાળમાં છે તે ઊંડા ઊતરી વિચારનાર અંતે ફાવે છે. ધર્મકુશળ માણુસની એ સર્વસંમત રીત હોય છે.

**को देशः कानि मित्राणि कः कालः कौ व्ययागमौ। कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः॥**

(સુભાષિત)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૪ )

## લોકોત્તર ચિત્ત

**વજ્રથી પણ કઠોર અને ફૂલથી પણ પોચાં એવાં અસાધારણ પ્રાણીઓનાં મન જાણવાને કોણ શક્તિમાન થાય છે?**

અસાધારણ માણસોના સંબંધમાં આવ્યા વગર આ વાતનો સાચો ખ્યાલ આવે તેમ નથી. પરીક્ષા કે પીછાન માટે પ્રથમ તો સાચા લોકોત્તર પુરુષને ઓળખવા જોઇએ. જે દુનિયાદારીના ચાલુ વ્યવહારથી પર હોય, છતાં હકીકત સમજનાર હોય, જે મારા તારાની મમતાથી મુકાયલા હોવા છતાં શ્રેયને સ્વીકારનાર હોય, જેને જાહેરાતની વૃત્તિ નાશ પામેલી હોવા છતાં પ્રેમીની ભક્તિની પીછાન હોય, જેનાં મનના વિચાર, વચનના ઉચ્ચાર અને ચારિત્રના વર્તનમાં એકતા હોવા છતાં ભીષણ નીતિના માર્ગની બરાબર ખબર હોય, જેનામાં સમતા સાર્વત્રિક હોવા છતાં ખામીનાં સ્થાનો ઓળખવાની અને તેને પ્રેમભાવે બહલાવવાની આવડત હોય, એવા **લોકોત્તર પુરુષોને** જાણવા જોઇએ, ઓળખવા જોઇએ, પીછાનવા જોઇએ, એમાં ઢોંગને સ્થાન નથી, ખોટા દેખાવને સ્થાન નથી, દંભ કે માયાને સ્થાન નથી, પોતાનાં પારકાંને અવકાશ નથી, ગુપ્તતા કે ગોટાળાને સ્થાન નથી. આવા લોકોત્તર પુરુષથી દુનિયા ઊજળી થાય છે, એની ગૂંચવણો ઊકલી જાય છે, એનાં વાણાંતાણાં સમાન સુયોગ્ય સ્થાને આવી જાય છે અને એની વિજયી જ્વલંત પ્રભા ચારે તરફ વિસ્તરી દિગંતમાં પ્રસરે છે, એમાં સ્નાન કરનારને પવિત્ર કરે છે, એમાં રાચનારમાં મહાપરિવર્તન કરે છે, એના વિચારમાં સૌમ્ય પ્રસરાવે છે અને એના સાનિધ્યમાં શાંતિ, વાતાવરણમાં એકરસ, વિચારપ્રદેશમાં સ્થિરતા અને સાર્વત્રિક વિસ્તારમાં અમૃતનું પાન એ સીંચી આપે છે.

આવા લોકોત્તર પુરુષોના આશીર્વાદમાં અનહદ શક્તિ હોય છે, વિચાર-વાતાવરણમાં તથ્યાંશ હોય છે અને વર્તનમાં એકાંત સદ્-ગુણનો વિસ્તાર તરવરી આવે છે. એની સુગંધ ચોતરફ વિસ્તરે ત્યારે જગત શાંત થઇ જાય છે. આવા પુરુષોનાં માનસનો અભ્યાસ કર્યો હોય તો તેમાં અનહદ શાંતિ, અકલ્પ્ય અહિંસા, અસાધારણ ગુણાનુરાગ, અનિર્વચનીય ગુણ-પ્રમોદ અને અનુપમેય માધ્યસ્થ્ય દેખાય છે. આવા મૃદુ માનસવાળા જ્યારે દુર્ગણો સામે સામનો કરે છે, દુરાચાર તરફ નજર કરે છે, પાપ તરફ આલોચના કરે છે, નાની બાબતમાં પણ ચોક્કસ થાય છે ત્યારે તેમનાં મન વજ્રથી પણ વધારે આકરા દેખાય છે, ભારે કઠોર જણાય છે અને પ્રાણાંતે પણ લાલચને વશ ન થવાની તેમની રીત ભારે આકર્ષક બને છે. આવા દૃઢ નિશ્ચયી માણસો જે સૌમ્ય અને કઠોર બની શકે છે તેને જાણવા, શોધવા, ઓળખવા મુશ્કેલ છે, પણ એવા લોકોત્તર પુરુષોને જ **દુનિયા પૂજે છે** અને એમની અસર **યુગો સુધી પહોંચે છે.** જે યુગમાં આવા લોકોત્તર પુરુષો થાય છે તે ધન્ય ગણાય છે અને એ યુગનો મહિમા પણ વર્ષો સુધી ગવાય છે. આવા લોકોત્તર પુરુષને શોધી તેને અનુસરે તે માણસ આંતરદૃષ્ટિએ સાચો '**ધર્મી**' બને છે અને એનું જીવન સફળ થવા ઉપરાંત એ પ્રગતિને પંથે ચડી જઇ સ્વકલ્યાણ સાધવાના માર્ગદ્વારા જનતાનું કલ્યાણ પોતાના જીવતાં દૃષ્ટાંતથી કરે છે. આપણે આવા ધન્ય યુગમાં છીએ તેનું મૂલ્યાંકન વાતોમાં ન થાય, સક્રિય અનુસરણમાં એની સફળતા છે.

**મૌક્તિક.**

**वज्रादपि कठोराणि, मृदूनि कुसुमादपि । लोकोत्तराणां चेतांसि, को हि विज्ञातुमर्हति ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સેવાનું સ્વરૂપ અને મહત્વ

અનુ—'અભ્યાસી'

જેવી રીતે વેપારી, વેપાર તથા ધન છે તેવી રીતે સેવક, સેવા તથા સેવ્ય છે. જેવી રીતે પ્રકાશ સૂર્યનો સ્વભાવ છે, ગન્ધ પુષ્પનો સ્વભાવ છે તેવી રીતે સેવા સેવકનો સ્વભાવ છે. સેવા કરવામાં નથી આવતી, એ તો થવા જ લાગે છે. સેવા તો એનામાં જ ઉત્પન્ન થાય છે જે પોતાની પ્રસન્નતા ખાતર વસ્તુ, અવસ્થા તેમજ પરિસ્થિતિની શોધ નથી કરતાં. વસ્તુ, અવસ્થા વગેરેની ગુલામી સેવક થવા જ નથી દેતી. સેવક સિવાય બીજા કોઈને સંસારનો પ્રેમ મળતો નથી. કર્મવાદી સંસારને ચાહે છે. સેવકને સંસાર ચાહે છે. કર્મવાદી જે સંસારનો પ્રેમ કોઈપણ પ્રકારે મેળવતો નથી તે સેવક વિના મૂલ્યે મેળવે છે. જેવી રીતે બગીચાના ફળ ખરીદ કરવા જનાર વ્યક્તિ, છાયા તથા પવન વિના મૂલ્ય મેળવે છે તેમ સેવકને સંસારનો પ્રેમ મેળવવા માટે લેશ પણ પ્રયત્ન કરવો પડતો નથી. તે પોતાની મેળે આવે છે અને આવીને પણ બિચારા સેવકને ભારરૂપ નથી થઈ પડતો કેમ કે સેવકની વૃત્તિ નિરંતર જળપ્રવાહની માફક સેવ્યની તરફ પ્રયત્ન વગર જ વહ્યા કરે છે. સેવકના સ્વભાવમાં પવિત્રતા નિવાસ કરે છે, અર્થાત્ તેનામાં સ્વાર્થભાવનો બિલકુલ નાશ થઈ જાય છે. સેવકના વ્યવહારમાં કાર્યકુશળતા હોય છે, કેમકે સેવકની પ્રત્યેક પ્રવૃત્તિ સમાન અર્થ રાખે છે. અર્થાત્ તેનામાં ક્રિયાભેદ હોવા છતાં પણ પ્રીતિભેદ નથી થતો અને લક્ષ્યભેદ નથી થતો. સેવકની સામે પ્રત્યેક પરિસ્થિતિ અભિનયના સ્વરૂપમાં આવે છે અને સેવ્યને આપીને ચાલી જાય છે. સેવક ઉપર કોઈપણ પરિસ્થિતિનો લેશ માત્ર પ્રભાવ નથી પડતો. સેવકના અંતઃકરણમાંથી ક્રિયાજન્ય રસની આસક્તિ આપમેળે જ નિવૃત્ત થઈ જાય છે. યોગી પુરુષ જે નિવૃત્તિ યોગથી પ્રાપ્ત કરે છે, વિચારશીલ પુરુષ જે નિવૃત્તિ વિચારથી પ્રાપ્ત કરે છે તે નિવૃત્તિને સેવક વર્તમાન પરિસ્થિતિના સદુપયોગથી પ્રાપ્ત કરે છે, અથવા સેવકને સંસારની સાથે સંઘર્ષ નથી કરવો પડતો; કેમ કે સેવકની દૃષ્ટિમાં (પ્રાકૃતિક વિધાન અનુસાર) આપોઆપ આવેલી પ્રત્યેક પરિસ્થિતિ સમાન અર્થ રાખે છે. બિચારો વિષયી માણસ જે યશ અને કીર્તિની પાછળ દોડતો હોય છે તે યશ અને કીર્તિ સેવકની પાછળ દોડતી આવે છે, પરંતુ તેને પકડી નથી શકતી અર્થાત્ વિષયી પુરુષ જેનો દાસ હોય છે તે સેવકનો દાસ હોય છે, જેવી રીતે સ્વધર્મનિષ્ટ રાષ્ટ્ર પ્રજા પાસેથી લીધેલા કરને પ્રજાના હિતમાં જ વાપરી નાંખે છે તેવી રીતે સેવક સંસાર તરફથી આવેલી શરીર વગેરે સઘળી વસ્તુઓને સંસારના હિતમાં જ વાપરી નાખે છે. જેવી રીતે વેપારીનો વેપાર ધનમાં વિલીન હોય છે તેવી રીતે સેવકની સેવા સેવ્ય(પ્રેમપાત્ર)માં વિલીન હોય છે. જેવી રીતે અગ્નિ જેમ જેમ પ્રજ્વલિત થાય છે તેમ તેમ લાકડું અગ્નિ બની જાય છે તેવી રીતે જેમ જેમ સેવા પ્રબળ થતી જાય છે તેમ તેમ સેવકની સત્તાનો સેવ્યની સાથે અભેદ થતો જાય છે. સેવકમાં સ્વામી (પ્રેમપાત્ર) નિવાસ કરે છે, કેમકે સ્વામી વગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવા જ નથી થઈ શકતી. ઐશ્વર્ય તથા માધુર્ય હોય છે ત્યારે જ સેવા થઈ શકે છે. ઐશ્વર્ય તથા માધુર્ય સ્વામીનું સ્વરૂપ છે. તેથી એટલું તો નિર્વિવાદ સિદ્ધ થઇ જાય છે કે સેવકમાં સ્વામી નિવાસ કરે છે. સેવકને સેવા કરવાથી કદિપણ થાક લાગતો જ નથી. ઊલટું જેમ જેમ સેવા વધતી જાય છે તેમ તેમ તેની શક્તિ પણ વધતી જાય છે. સેવકના હૃદયમાં હંમેશા વ્યાકુળતા રહે છે અને એ વ્યાકુળતાનો અગ્નિ સેવકનો સેવ્ય સાથે અભેદ કરી દે છે. સેવક બે પ્રકારના હોય છેઃ એક તો ગંગાની માફક પ્રત્યેક જન સમાજની સાથે જ રહે છે અને બીજા હિમાલયની માફક અચળ રહીને મૂક સેવા કરે છે. સેવા કર્યા વિના સંસારનો રોગ સ્વાભાવિક રીતે નિવૃત્ત નથી થતો. સેવા સિવાયના બધાં સાધન સંસારને મૃતકવત્ જીવતો રાખે છે. સેવા સંસારને ખાઇ જાય છે, મૃતક નથી બનાવતી અથવા સેવકની નિષ્ટા સમાધિથી અતીત હોય છે. અથવા એમ કહીએ કે પ્રવૃત્તિ તથા નિવૃત્તિ બન્ને અવસ્થાઓ નિવૃત્ત થઇ જાય છે. સઘળા સાધકો સેવ્યને ચાહે છે. સેવકને સેવ્ય ચાહે છે. એટલા માટે પ્રેમપાત્રનો પ્રેમ સંપાદન કરવા માટે સેવા કરવી તે પરમ અનિવાર્ય છે.

સેવા કરવા માટે બાહ્ય વસ્તુઓની આવશ્યકતા નથી. બાહ્ય વસ્તુઓનાં સંગઠનથી તો પુણ્યકર્મ થાય છે. જરા ઊંડો વિચાર કરી જોઇએ તો સેવા એ જ કરી શકે છે કે જેના ઉપર સેવ્ય(પ્રેમ પાત્ર)ની કૃપા હોય છે. અર્થાત્ ભક્તો તથા સંતો સિવાય બીજો કોઇ પણ સેવા કરી શકતો નથી. સાધારણ પ્રાણી વસ્તુઓના સંગઠનથી થનારી પ્રવૃત્તિઓને સેવા માને છે, પરંતુ વિચારદૃષ્ટિએ એ સેવા નથી. સેવા કરવાની શક્તિ તો સ્વામીની કૃપાથી જ આવે છે. જેટલે અંશે પ્રાણી પોતાની સેવા કરી શકે છે તેટલે અંશે પ્રાણી બીજાની સેવા કરી શકે છે. અર્થાત્ જે સાધનવડે પ્રાણી પોતાનું હિત કરે છે તે જ સાધનવડે સેવા કરે છે. બાહ્ય વસ્તુઓના સંગઠનથી કોઇપણ પ્રાણીનું હિત નથી થયું, તો પછી એ વસ્તુઓના સંગઠનથી સેવા કેવી રીતે થઈ શકે? વસ્તુઓનો સંગ્રહ કરવો એ તો વિશ્વના રૂણી થવાનું છે, તેથી વસ્તુઓને વિશ્વના કાર્યમાં વાપરવી એ રૂણથી મુક્ત થવાનું છે, સેવા કરવાનું નથી. જ્યારે પ્રાણી વિશ્વના રૂણથી મુક્ત થઇ જાય છે ત્યારે તેનામાં પ્રેમ પાત્રના જોડે સંબંધ કરવાની શક્તિ આવી જાય છે. પ્રેમ પાત્રની સાથે સંબંધ થતાં જ પ્રેમ પાત્રના ઐશ્વર્ય તથા માધુર્યથી સ્વતઃ સેવા થવા લાગે છે. અર્થાત્ પ્રીતિ એ તો પ્રીતમનો સ્વભાવ છે. સેવક તથા સેવા–પ્રીતિ તથા પ્રીતમ એક જ વસ્તુ છે. સેવા કરવા માટે સેવક બનવાનું અનિવાર્ય છે. સેવક થવા માટે સદ્ભાવપૂર્વક પ્રેમપાત્ર થવું અનિવાર્ય છે. જેવી રીતે યુવાવસ્થા આવતાં જ બાળકને યુવાવસ્થાનું યથાર્થ જ્ઞાન થાય છે, તેવી રીતે સેવક થતાં જ સેવાનું યથાર્થ જ્ઞાન થાય છે. સેવા કરવાનું કોઇને શીખવી શકાતું નથી. એક એક સેવકની પાછળ કરોડો લોકો અનુસરણ કરવા માટે દોડે, પરંતુ તે કરોડો લોકો એક પણ સેવક ઉત્પન્ન નથી કરી શકતા. જેનું હૃદય સાર્વજનિક દુઃખથી દુઃખી થાય છે અને તે જ્યારે સેવ્યનો થઇ જાય છે ત્યારે સેવ્યની કૃપાથી સેવા કરવાની શક્તિ સ્વતઃ આવી જાય છે. પુણ્ય કર્મથી ત્યાગ કરવાની શક્તિ આવે છે અને ત્યાગથી સેવક થવાની શક્તિ આવે છે. સેવક થતાં જ સેવા સ્વતઃ ઉત્પન્ન થાય છે.

સંસાર તથા પ્રેમ પાત્ર બન્નેનો પ્રેમ સંપાદન કરવા માટે સેવા કરવી એ પરમ આવશ્યક છે. જે પ્રાણી સંસારથી વિમુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાપેક્ષ–નિરપેક્ષદૃષ્ટિ

મુનિશ્રી પુણ્યવિજય ( સંવિજ્ઞપાક્ષિક )

એકાન્ત દૃષ્ટિથી કોઈ પણ પદાર્થનું સ્વરૂપ અવલોકવાથી તેની બધી બાજુઓ દેખી શકાતી નથી. કોઇ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ જોવું હોય તો સર્વ નયોની અપેક્ષાવડે જોવું જોઇએ. નયોની અપેક્ષા વિના કોઇ પણ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ કથી શકાતું નથી અને સમજી શકાતું પણ નથી. કોઇ પણ લેખક કોઇ ગ્રંથ બનાવે છે તેમાંથી તેનો આશય તો ઘણોખરો તેનાં હૃદયમાં રહે છે, તેમજ તે ગ્રંથોમાં લખવાની ઘણીખરી અપેક્ષાઓ પણ તેના હૃદયમાં રહે છે. અમેરિકા વિગેરેના કેટલાક વિદ્વાનો પણ કથે છે કે–વક્તાનું વા લેખકનું વાકય કોઈ પણ જાતની તેના હૃદયમાં કરેલી અપેક્ષા વિના શૂન્ય હોતું નથી. કોઇ વિદ્વાન્ અન્યને સમજાવતાં કથે છે કે–મારા કહેવાની વા લખવાની આ અપેક્ષા છે, મેં અમુક આશયથી કહ્યું છે વા લખ્યું છે. લેખકના આશય વા વિચારની અપેક્ષા જાણ્યા વિના અભિપ્રાય આપતાં ઘણી વાર ભૂલ થવા સંભવ છે. વિચારોનો મહાસાગર મહાન્ છે. અને તેના તરંગોથી પણ અધિક અપેક્ષાઓ છે. તેઓના સંપૂર્ણ રહસ્યને જાણવાને માટે અને કોઇ પણ વિચારને અન્યાય ન મળે તે માટે નયવાદનું જ્ઞાન આવશ્યક છે. સાત નયોનું પરિપૂર્ણ જ્ઞાન કરવાથી અને સાપેક્ષવાદને સમ્યક્ પ્રકારે જાણવાથી કોઇ પણ વિચારને એકાન્ત અન્યાય મળતો નથી, અને સર્વ પ્રકારના વિચારોને દર્શાવવામાં અન્ય નયોની અપેક્ષાપૂર્વક બોલવાથી કોઇ પણ નયનો તિરસ્કાર થતો નથી. એકાન્ત ભિન્ન ભિન્ન નયોથી ઉત્પન્ન થયેલા પરસ્પર વિરુદ્ધ એવા ધર્મોમાંથી પણ સાત નયોની અપેક્ષાએ સમ્યગ્જ્ઞાનીને સમ્યક્પણે સર્વે બાબતોનું જ્ઞાન થાય છે. એકાન્ત નયથી મિથ્યાત્વ ધર્મનો સ્વીકાર કરી મિથ્યાત્વ મતિના જોરથી એકાન્તવાદીઓ ધર્મ-યુદ્ધો કરીને કર્મની વૃદ્ધિ કરે છે. સાત નયોની અપેક્ષાએ એકેક નયકથિત સર્વ ધર્મ અંગોનો જેમાં સમાવેશ થાય છે, એવું શ્રી **જૈનદર્શન** જગત્માં સર્વ ધર્મના અંગોનું સાપેક્ષતાએ પ્રતિપાદન કરતું વિજયવંત વર્તે છે.

---

બનીને પ્રેમ પાત્રનો બની જાય છે તેનામાં સેવા કરવાની શક્તિ સ્વયં આવી જાય છે. તેથી જ સેવક થવા માટે પ્રત્યેક પ્રાણી હંમેશા સ્વતંત્ર છે. સેવક થવું તે ઉન્નતિનું સાધન છે, પરંતુ સેવક કહેવડાવવું એ અવનતિનું કારણ છે. જેવી રીતે નદીની પ્રગતિ હમેશાં સમુદ્ર તરફ જ રહે છે તે રીતે સેવકની પ્રગતિ હંમેશાં સેવ્ય તરફ જ રહે છે. જેવી રીતે નદીની સામે રુકાવટ આવતાં નદીની ગતિ તીવ્ર થઇ જાય છે, તેવી જ રીતે સેવકની સામે પ્રતિકૂળતા આવતાં સેવાની ગતિ વધારે તીવ્ર થઇ જાય છે. અર્થાત્ પ્રતિકૂળતા સેવકનું ઉત્થાન કરે છે, પણ ખરા સેવકનાં જીવનમાં જ્ઞાનને અનુરૂપ ભાવ તથા ક્રિયા હોય છે. અર્થાત્ સેવકના ક્રિયા તથા ભાવ જ્ઞાનમાં વિલીન થાય છે. સેવા હમેશાં સ્વતંત્રતા તરફ લઈ જાય છે, સેવક સંસારનું ચિંતન નથી કરતો, ઊલટું સંસાર સેવકનું ચિંતન કરે છે. સેવક સંગઠનની પાછળ નથી દોડતો, ઊલટું સંગઠન સેવકની પાછળ દોડે છે. સેવકના જીવનમાં દીનતા તથા અભિમાન માટે કશું સ્થાન નથી રહેતું. **ઇતિ શમ્ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર : અનુવાદ ૨.

પ્રથમ જિનેશ્વર પ્રણમિયે, જાસ સુગંધી કાય—એ દેશી.

વંદન કરું પ્રભુ પાર્શ્વજિન, વંદન કરું જગનાથ;
કર્મ સમૂહ તોડી વર્યા શિવ વરમાળ ને, પ્રણમી થાઉં સનાથ. વંદન કરું૦ ૧

ઉપસર્ગ હરે પાર્શ્વ યક્ષ ને, સેવક છે તુમ પાસ;
નષ્ટ કરે સર્પ ઝેર મંગળકારી પ્રભુ, કલ્યાણ ઘર નમું પાસ. વંદન કરું૦ ૨

વિષધર કુલ્લિંગ મંત્રને, કંઠ ધરે જે લોક;
તેહના ગ્રહ રોગ તાવ દૂરે હઠે, શાંત થાયે મારિ શોક. વંદન કરું ૩

તુજ દર્શન સ્મરણથકી, દુઃખ દારિદ્ર હોવે દૂર;
મનુજ તિર્યંચ ગતિમાં તે પણ સુખ પામશે, તુજ મંત્ર રહો ન કદી દૂર. વંદન કરું૦ ૪

શુદ્ધ ચિંતામણિ રત્ન સમ, સમકિત દર્શને હોય,
જેહ સમકિતથકી અજરામર પદ પામીયે, નિરવિઘ્ન સુખ જ હોય. વંદન કરું૦ ૫

તુમ યશ કીર્તિ અતિ ઘણાં, તુમ પ્રભાવ અપાર;
ભક્તિ ભર્યા હૃદયે કરી પ્રભુ પાર્શ્વજી, સ્તુતિ કરું મન ધાર. વંદન કરું૦ ૬

શુદ્ધ સમકિત રત્ન આપજો, શરણું પ્રભુ જિન પાસ;
ભવો-ભવ આશરો આપી મુજ રક્ષા કરો, સમ્યગ્ શાંતિ સુવાસ. વંદન કરું૦ ૭

વિઘ્ન હરો સવી સંઘનાં, દુઃખ કાપો ભવિ લોક;
માત પદ્માવતી સહ ધરણેન્દ્ર વંદીયે, સ્તુતિ કરું પુન્ય જે લોક. વંદન કરું૦
પ્રભુ પાર્શ્વજિન૦ ૮

હીરાચંદ ઝવેરચંદ શાહ—બેંગલોર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યુગપ્રધાન વિજયાનંદસૂરીશ્વરજી

લે૦ મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ—અમદાવાદ

**यन्मयोपार्जितं पुण्यं, जिनशासनसेवया ।**
**जिनशासनसेवैव, ते न मेऽस्तु भवे भवे ॥१॥**

અનેક જૈનાચાર્યોએ પ્રોલ્લસિત હૃદયે જિનશાસનની અપૂર્વ બજાવી છે. અનેક શ્રેષ્ઠ કાર્યો કરવા છતાં પુણ્ય કે યશ જિનશાસનને સમર્પણ કરી પોતાના જીવનને ધન્ય માનતા. તે જ માર્ગને અનુસરી આ કાળમાં **યુગશ્રેષ્ઠ સૂરીશ્વર વિજયાનંદ–આત્મારામજી** મહારાજે જૈન ધર્મની શ્રેષ્ઠતા મેળવી, જૈન સમાજની અપૂર્વ સેવા કરી છે. સ્થાનકવાસી દીક્ષામાં જૈનાગમોનો અભ્યાસ કરી સંસ્કારબળે સાચી પરિસ્થિતિનો અનુભવ કરી અનેક ભક્ત જનોની સ્નેહશૃંખલા વિચ્છેદી સત્ય માર્ગને અનુસરવાની જાહેર હિંમત વ્યકત કરી, અનેકોને સન્માર્ગગામી બનાવવાનો લાભ મેળવી શકયા. પોતે જિનશાસનની સેવાથી જે કાંઇ લાભ મેળવતાં તે જિનશાસનની સેવાને સમર્પણ કરતાં. જન્મ જન્મમાં જિનશાસનની પ્રાપ્તિ કરવાનો અભિલાષ સેવતાં. ભક્તજનો બનાવવા કરતાં જિનશાસનનો સાચો ઉપાસક બને, તે જ તેમનું જીવનસૂત્ર હતું. તે યુગમાં સાહિત્ય મળી શકતું નહિં, તેમજ તેના સાચા રહસ્યને પ્રકાશનાર, પ્રચારકો ઘણા જ થોડા હતા, તેથી મિથ્યા ભાવનો પ્રચાર કરનારાઓ લોકોમાં અજ્ઞાન ફેલાવતાં. મૂર્ત્તિપૂજા અને સદ્ અનુષ્ઠાનોથી લોકોને વિમુખ બનાવનાર વર્ગ અધિક હતો. જ્યાં ખૂબ અજ્ઞાનતા હોય ત્યાં અસત્ વસ્તુ વધારે ફેલાવા પામે છે. જૈન શાસનને છિન્ન–ભિન્ન કરનાર અજ્ઞાની તેમજ ચારિત્ર્યહીન વર્ગ અધિક હોવાથી લોકો ઊંધા માર્ગે ગમન કરી રહ્યા હતા. હિંસાની પ્રબલતા ધર્મના નામે વધતી જતી હતી. તે વખતે પાંડિત્યપૂર્ણ સદ્બોધ આપનાર પ્રબલ પ્રતાપી મહાત્મા વિજયાનંદસૂરીશ્વરે લેખન અને વાણીદ્વારા ભવ્યજનોને બચાવ્યા, સદ્ધર્મમાં પ્રેર્યા. પંજાબમાં જૈનધર્મનું અસ્તિત્વ કાયમ કરી અનેક જિનમંદિરો સર્જાવી ભવ્ય આત્માઓને સમ્યક્ત્વ પ્રાપ્તિ કરાવવા ભાગ્યશાળી બન્યા. ધર્મ હોય ત્યાં હિંસાને સ્થાન નથી. જે હિંસાને મહત્વ આપે છે, તે ધર્મશીલ બનાવવા પ્રયત્ન કરનાર ધર્મશીલ હોઇ શકતો નથી. પૂજાપાઠમાં અહિંસા વિલસે છે, તે જ વિશ્વધર્મ છે. વૈદિકો તેમજ આર્યસમાજીઓ સાથે નિડરપણે શાસ્ત્રાર્થો યોજ્યા. પ્રબલ ચારિત્ર્યશીલતાને લીધે કોઇ સામા આવવા શક્તિમાન બન્યા નથી. નિરંતર સ્વાધ્યાય, તપ સંયમમાં જીવન વિતાવતા. જૈનો નિર્ભય હોવા જોઇએ. ( માયકાંગલા ન હોવા જોઇએ. ) અનેક પ્રસંગોમાં મહાત્માશ્રીની નિર્ભયતા દૃષ્ટાંતરૂપ બની છે. લુંટારાઓને પણ પોતાની શક્તિનો પરિચય આપી સાધુતા સર્વશ્રેષ્ઠ સાબિત કરી છે.

**પ્રાણીપીડન** એ કાયરતા છે, આત્માનો અધઃપાત કરાવનાર છે, એમ સર્વ કોઇને પોતાના પવિત્ર જીવનથી બોધપાઠ આપતા. વિદ્વત્તા હોવા છતાં, તેમજ અનેક શ્રીમંતો અનુયાયી છતાં જૈન શાસ્ત્રોનાં રહસ્યોને પૂર્વ પુરુષોને અનુસરનાર તરીકે ઉપદેશામૃત આપતા. ક્રિયા, અનુષ્ઠાન, પર્વારાધન કરવામાં **વિજયદેવસૂરીશ્વરજી**ની પદ્ધતિને અનુસરતા. અનેક વિવાદોને સ્થાન મળતાં પૂર્વ પુરુષોનાં વચનને માન્ય રાખતાં. ગીતાર્થના વાકયને આગમ–વાકય તરીકે અનુસરી જૈન શાસનની અપૂર્વ મહાન સેવા મહાત્માશ્રીએ બજાવી છે. અનેક શિષ્યો બનાવી દરેક ગામોમાં વિહાર કરીને જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસનની ઉન્નતિ સ્થળે સ્થળે કરાવી છે. તે વખતના ચારિત્ર્યશીલ અન્ય સમુદાયના મુનિ મહાત્માઓ તરફ સદ્‌ભાવ પ્રેમ કાયમ રાખતાં હતાં. વળી આહારપાણીનો સંબંધ એક સમાચારીવાલા મુનિ મહાત્માઓ સાથે રાખતા. દરેક ચારિત્રધારી જિનશાસનની અડગ શ્રદ્ધા ધરાવનાર જિન શાસનની ઉન્નતિ કરનાર મહાનુભાવ વંદનીય છે, અનુકરણીય છે. જીવનમાં એ જ ભાવ, જીવન પર્યંત વિલસી રહ્યો હતો. જૈન શાસનની સેવા કરનાર કોઇ પણ હોય તે આત્મા તરફ તેમનો સદા આદર હતો, અનુમોદના હતી. વિશ્વ ધર્મમાં જૈન ધર્મ મુખ્ય છે તે સાબિત કરવા સદ્‌ગત વીરચંદ ગાંધીને અમેરિકા સુધી મોકલ્યા હતા. જૈન ધર્મ યુગ યુગમાં સર્વથી શ્રેષ્ઠ બન્યો રહે તેવા પ્રયત્નો યોજવા જોઇએ. દરેકને જૈન ધર્મનાં સાચા તત્વોનું ભાન કરાવવું જોઇએ. જૈનો પોતાની સર્વ કાંઇ શક્તિઓ તે માર્ગે ખરચે તેવા પ્રકારનો ઉપદેશ સાચા હૃદયથી નિરંતર આપ્યા કરતા હતા. આવા સૂરીશ્વર વધારે સમય સુધી જીવ્યા હોત, દીર્ઘાયુષ્ય હોત તો જૈન ધર્મની મહાન સેવા બજાવી હોત. ( આજે વર્તમાન કાળમાં વિજય વલ્લભસૂરિજી પણ જૈન શાસનની સુંદર રીતે સેવા બજાવી રહ્યા છે. ) તેમજ તેઓ જે સિદ્ધાંતોને માનતા હતા, તે સિદ્ધાંતને અનુસરનાર ત્યાગી વર્ગ પોતાના તપ, ત્યાગ અને પાંડિત્ય, તેમજ શાક્ત સામર્થ્ય જિનશાસનની અવિચ્છિન્ન પ્રભાવનામાં ખરચે તે સૂરીશ્વરજી તરફ સદ્‌ભાવ સો કોઇ ધર્મી આત્માને હોવો જોઇએ. ભાવનગરમાં તેમજ અન્ય સંઘોની ભક્તિભાવથી તેઓશ્રીના નામથી અંકિત થયેલ **શ્રી જૈન આત્માનંદ** સભા તેમજ સદ્‌બોધને પ્રકાશ કરનાર **જૈન આત્માનંદ પ્રકાશ** ચુમાળીશમા વર્ષમાં પ્રવેશ કરી દિવ્ય પ્રકાશને સદા જૈન સંઘમાં પ્રકાશિત કરે, શ્રેષ્ઠ ભાવનાને સર્વત્ર પ્રસરાવે એવી સો કોઇ જૈન તત્ત્વને અનુસરનાર, માનનાર વ્યક્તિ સાથ આપે. પરમ સૂરીશ્વરની સ્મૃતિ તેમજ સેવા એ તીર્થંકરોની સ્મૃતિ તેમજ સેવારૂપ છે.

---

## સ્વીકાર-સમાલોચના.

નીચેના ગ્રન્થો ભેટ મળ્યાં છે જે આભાર સ્વીકારીએ છીએ.

૧ **નેમ રાજુલ અને બીજાં સ્તવનો**–રચનાર સંગીતશાસ્ત્રના અભ્યાસી અને ધર્મશ્રદ્ધાળુ હોવાથી બહુ જ રસિક અને સુંદર રીતે સંકલના કરી છે. ગ્રંથ ઉપયોગી છે. કર્ત્તા શ્રી શાંતિલાલ બી. શાહ કીંમત રૂા. ૧–૪–૦

૨ **શ્રી દાદા પ્રભાવકસૂરિ વિજયાનંદસૂરિ અષ્ટપ્રકારી પૂજા**–રચયિતા શ્રી રિખવચન્દ ડાગા, " ઋષભ " મૂલ્ય સપદુયોગ.

૩ **મહારસ્વામીનો સંયમ ધર્મ**–સંપાદક–ગોપાળદાસ જીવાભાઇ કીંમત રૂા. ૧–૮-૦

૪/૯ પુસ્તકો શ્રી મુક્તિવિજયજી જૈન ગ્રંથમાળાના કાર્યવાહકો શ્રી વિજાપુરથી ભેટ મળ્યાં છે.

૧ **શ્રી જિનગુણમુક્તાવળી.**

૨ **શ્રી જ્ઞાનવિનોદ** પ્રથમભાગ.

૩ **મહાન ક્રિયોદ્ધારક શ્રીમદ્ આનંદવિમલસૂરિજી મહારાજનું વિશિષ્ટ જીવનચરિત્ર.**

૪ **સંસ્કૃત ચૈત્યવંદન સ્તુત્યાદિ સંગ્રહ.**

૫ **સાન્વયતત્ત્વબોધતરંગિણી.**

૬ પદ્યાત્મકોપદેશપ્રદીપ

૧૦ સ્તંભતીર્થ જૈનમંડળ **" રજતમહોત્સવ સ્મારક ગ્રન્થ "** પ્રકાશક મોતીલાલ દલસુખભાઇ શાહ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તે રીતે હાલ બે માસ પછી નવા બે ગ્રંથો **શ્રી સંઘપતિ ચરિત્ર** અને **શ્રી મહાવીર યુગની મહાદેવીઓ** સચિત્ર પાંચસો ઉપરાંત પાનાના ઉપર પ્રમાણે નવા થનાર લાઇફ મેમ્બરને ગ્રંથો ભેટ (મફત) ધારા પ્રમાણે આપવાનાં છે.

તે પછી છપાતાં **શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર** તથા **શ્રી વસુદેવ હિંડી** બે ભાગ મળી ત્રણ ગ્રંથો એક હજાર પાનાના મોટા ગ્રંથો તે પછી **કથારત્નકોષ, શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર** સચિત્ર સુમારે ૮૦૦ પાનાના ગ્રંથો છપાયે મળશે. જેમ જેમ નવા નવા ગ્રંથો છપાતા જશે તેમ તેમ રૂા. ૧૦૧) એકસોએક આપી નવા લાઇફ મેમ્બર થનારને પણ ભેટ મળશે. ઓછામાં ઓછા આઠથી દશ રૂપીઆ કિંમતના દરેક વખતના ગ્રંથોની કિંમત મુદ્દલ થવા જાય છે. આ આર્થિક દૃષ્ટિએ પણ સારામાં સારો લાભ લેવાય છે અને વાંચી આત્મિક આનંદ પણ મેળવાયેલ છે.

( એકાવન રૂપીયા આપી બીજા વર્ગમાં લાઇફ મેમ્બર થનારને તે ગ્રંથોની કિંમતમાંથી બે રૂપીઆ ભેટના મજરે આપી બાકીની રકમ તેમની પાસેથી લઇ તેમને પણ ભેટ અપાય છે. )

---

| ૧. શ્રી સંઘપતિ ચરિત્ર. | **ભેટના બે સુંદર ગ્રંથો** છપાઇ ગયેલ છે. | ૨. શ્રી મહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ. |
|---|---|---|

અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ધારા પ્રમાણે બે સુંદર ગ્રંથો ભેટ આપવા માટે છપાઇ ગયેલ છે. સુંદર ચિત્રો અને આકર્ષક કવર જેકેટવાળું મજબૂત બાઇન્ડીંગનું કામ શરૂ કરવામાં આવેલ છે. સખ્ત મોંઘવારી, વધતા જતા ભાવો, છતાં આ સભા પોતાના સભાસદોને સુંદર ગ્રંથો છપાવી ભેટ આપે છે, જે રીતે કોઇ પણ અન્ય જૈન સંસ્થા તે પ્રમાણે આપી શકતી નહિ હોવાથી આ સભામાં દર માસે પેટ્રનો તથા સભાસદોની વૃદ્ધિ થતી જાય છે. નવા થનારા સભાસદોને પણ આ ગ્રંથનો લાભ મળશે. બંને ગ્રંથો ઘણા જ સુંદર, પઠનપાઠન કરવા જેવા છે.

**૧. શ્રી સંઘપતિ ચરિત્ર ( શ્રી ઉદયપ્રભાચાર્યકૃત )**—ગ્રંથ જેમાં પ્રભાવનાનું સ્વરૂપ, સંઘ તથા શ્રી શત્રુંજય તીર્થ માહાત્મ્ય, સંઘ સાથે વિધિવિધાનપૂર્વક, શ્રી વસ્તુપાળે કરેલી શ્રી શત્રુંજય ગિરિનાર તીર્થની યાત્રાનું વાંચવા લાયક વર્ણન, શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી નેમનાથ પ્રભુનાં ચરિત્રો, શ્રી જંબૂકુમાર કેવળીનું વર્ણન, શ્રી ભરત ચક્રવર્તી તથા શ્રી કૃષ્ણ વાસુદેવની સુંદર કથા, મહાતપસ્વી યુગબાહુ તથા પ્રદ્યુમ્ન કુમારના વૃત્તાંતો, બીજી અનેક અંતર્ગત કથાઓ. છેવટે વસ્તુપાળે શત્રુંજય પર કરેલ મહોત્સવ અને અપૂર્વ દેવભક્તિનું વર્ણન આપી પૂર્વાચાર્ય મહારાજે ગ્રંથ સંપૂર્ણ કર્યો છે. ઘણી ઘણી નવી નવી હકીકતો વાચકને જાણવા મળે છે. આ ગ્રંથ **શ્રી સંઘપતિ રાવબહાદૂર શેઠ જીવતલાલભાઇ પ્રતાપશીએ** આપેલ આર્થિક સહાયવડે છપાય છે.

**૨. શ્રીમહાવીર પ્રભુના યુગની મહાદેવીઓ**—સતીઓના સુંદર ચરિત્રો, સિદ્ધહસ્ત લેખક ભાઇ સુશીલે ઘણા જ પ્રયત્નપૂર્વક સંશોધન કરી લખેલા છે. આ સભા તરફથી **૧–સતી ચરિત્ર ૨–સુરસુંદરી** ચરિત્ર **ચંપકમાલા** ચરિત્ર એ ત્રણ ગ્રંથો સ્ત્રી ઉપયોગી પ્રકટ થયા છે. આ ગ્રંથ તે માટે ચોથો છે. આમાં કેટલાક ચરિત્રો પૂર્વે અપ્રકટ છે છતાં મનન કરવા જેવા છે. દરેક સતી ચરિત્રની શરૂઆતમાં રેખાચિત્રો આપવામાં આવેલ છે. કવર જેકેટ સાથે સુંદર મજબૂત બાઇંડીંગવડે તૈયાર થઇ ગયેલ છે.

---

બન્ને ગ્રંથો માટે ' શ્રી આત્માનંદ પ્રકાશ ' માસિક વાંચો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## તીર્થંકર ભગવાન અને આદર્શ મહાન્ પુરુષોનાં ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ | રૂા. ૨–૮–૦ | ૯ શ્રી પંચમેષ્ઠી ગુણરત્નમાળા | રૂા. ૧–૮–૦ |
| ૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | રૂા. ૨–૦–૦ | ૧૦ શ્રી દાન પ્રદીપ | રૂા. ૩–૦–૦ |
| ૩ શ્રી વિમળનાથ ચરિત્ર | રૂા. ૨–૦–૦ | ૧૧ ધર્મરત્ન પ્રકરણ | ૧–૦–૦ |
| ૪ સુમુખ નૃપાદિક કથાઓ | રૂા. ૧–૦–૦ | ૧૨ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર | |
| ૫ જૈન નરરત્ન ભામાશાહ | રૂા. ૨–૦–૦ | સમરાશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |
| ૬ શ્રી પૃથવીકુમાર ચરિત્ર | રૂા. ૧–૦–૦ | ૧૩ શ્રી શત્રુંજયનો સોળમો ઉદ્ધાર | |
| ૭ મહારાજા ખારવેલ | રૂા. ૦ ૧૨-૦ | શ્રી કર્માશાહનું ચરિત્ર | રૂા. ૦–૪–૦ |
| ૮ શ્રી વિજયાનંદસૂરિ | રૂા. ૦–૮–૦ | | |

### છપાતા ગ્રંથો–( ભાષાંતર )

૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.

૨ શ્રી વસુદેવ હિંડી.

### છપાતા મૂળ ગ્રંથો.

૧ બ્રહત્ કલ્પસૂત્ર છઠ્ઠો ભાગ.

૨ શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર ૨–૩–૪–૫ પર્વ

### છપાવવાના અનુવાદોના ગ્રંથો.

૧ શ્રી શાંતિનાથ ચરિત્ર.

૨ શ્રી કથારત્ન કોષ ગ્રંથ.

૩ શ્રી દમયંતી ચરિત્ર.

નીચેના તીર્થંકર ભગવાન અને સત્ત્વશાળી મહાપુરુષોના ચરિત્રોની ઘણી થોડી નકલ બાકી છે, ફરી છપાય તેમ નથી. જલદી મંગાવો.

### સંસ્કૃત ગ્રંથોની–થોડી નકલો સીલીકે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી બૃહત્ કલ્પસૂત્ર ભાગ ૪–૫ | રૂા. પાા રૂા. ૬ | ૪ જૈન મેઘદૂત | રૂા. ૨–૦–૦ |
| ૨ કર્મગ્રંથ બીજો ભાગ | રૂા ૪–૦–૦ | ૫ કથારત્ન કોષ ( ગ્લેઈઝ ) | રૂા. ૮–૮–૦ |
| ૩ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પ્રથમપર્વ બુકાકારે | રૂા. ૧–૮–૦ | ૬ નવસ્મરણ સ્તોત્ર સંદોહ | રૂા. ૦–૮–૦ |

## જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય.

**( સંગ્રાહક અને સંપાદક શ્રી જિનવિજયજી સાહેબ, આચાર્ય ગુજરાત પુરાતત્ત્વ મંદિર )**

શ્રી જૈન શાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, સાધુઓ, સાધ્વીઓ અને ગૃહસ્થોના જીવન ચરિત્ર સૌરભને પ્રસરાવનારા પ્રાચીન ગુજરાતી ભાષામાં રચાયેલ પ્રામાણિક, ઐતિહાસિક પ્રબંધો, કાવ્યો અને રાસોનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે. આ ગ્રંથમાં એકત્રીશ વ્યક્તિના તેત્રીશ કાવ્યોનો સંચય–ગુજરાતી રાસોનું સંશોધન કાર્ય સંપાદક મહાશયે કરેલ છે; તેમજ પાછળના કેટલાક રાસો વગેરેનું શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ એલ. બી. તેમજ વકીલ કેશવલાલ પ્રેમચંદ મોદી બી. એ. એલ.એલ. બી. એ ઉપોદ્ઘાત પરિશિષ્ટો અને કેટલાક રાસોનું છોટાલાલ મગનલાલ શાહ અને પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી વગેરે સાક્ષરોએ સંપાદન કાર્ય કરેલ છે.

તેનો રચના કાળ ચૌદમાં સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી સાડા ચાર સૈકાનો છે, તે સૈકાઓનું ભાષા સ્વરૂપ, ધાર્મિક, સમાજ રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે તે સમયના લોકોની ગતિનું લક્ષબિંદુ એ દરેકને લગતી સત્ય પ્રમાણિક બધી માહિતિઓ આ ગ્રંથમાં આપવામાં આવેલી છે.

આ ગ્રંથમાં કાવ્યો, તથા રાસોનો ગુજરાતી ભાષામાં સાર, કર્ત્તા મહાશયો કયા કયા ગચ્છના હતા, તે તેમજ તેઓશ્રીના ગચ્છોના નામો, ગૃહસ્થોના નામો, તમામ મહાશયોના સ્થળો, સંવત સાથે આપી આ કાવ્ય સાહિત્યની સુંદર અને સરલ ઉપયોગી રચના બનાવી છે, ૫૦૦ પાંચસો પાના કરતાં વધારે છે. કિંમત રૂા. ૨–૧૨–૦ પોસ્ટેજ અલગ.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only